RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 267, Dt.30-12-2023 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# જંત્રીદરમાં નવો વધારો નહીં: બિલ્ડરોને સરકારની ખાતરી

## સરકાર દ્વારા જંત્રી દરમાં ફરી વધારો કરવાની હીલચાલના પગલે ક્રેડાઈના સભ્યો ભૂપેન્દ્રભાઈ પટેલને મળ્યા: મુખ્યમંત્રીએ બાંહેધરી આપી સભ્યોને જણાવ્યું કે જંત્રી વધારાની હાલ કોઈ દરખાસ્ત નથી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

સરકાર દ્વારા જંત્રીના દરમાં કરવામાં આવેલા વધારા બાદ ફરી વધારા માટેની હિલચાલ ચાલી રહી હોવાની માહિતી મળતા ક્રેડાઈ દ્વારા મુખ્યમંત્રીને રૂબરૂ મળીને ચર્ચા કરી હતી. જેમાં મુખ્યમંત્રી દ્વારા જંત્રીનાં દરમાં કોઈપણ પ્રકારનો વધારો કરવાની દરખાસ્ત ન હોવાનું કે તે પ્રકારની કામગીરી પણ ચાલુ ન હોવાનું જણાવ્યું હતું. પરંતુ જે વિસ્તારની જંત્રીના દરમાં વધુ પડતો વધારો થયો છે તેમાં સુધારો કરવાની કામગીરી હાથ ધરાઈ હોવાની ખાતરી આપી હતી.



પ્રાપ્ત માહિતી અનુસાર રાજયમાં સરકાર દ્વારા ગત વર્ષે જંત્રીના દરમાં ધરખમ વધારો કરવામાં આવ્યો હતો.ત્યારબાદ હાલમાં ફરી જંત્રીના દરમાં વધારો કરવાની કામગીરી ચાલી રહી હોવાની અટકળો દ્વારા મુખ્યમંત્રીને રૂબરૂ મળવા માટે રજુઆત કરવામાં આવી હતી. જેના પગલે મુખ્યમંત્રીએ સમય ફાળસતા શુક્રવારનાં રોજ સમગ્ર રાજયનાં વિવિધ શહેરોનાં પ્રતિનિધિઓ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મીટીંગ દરમ્યાન મુખ્યમંત્રી દ્વારા રાજયના વિકાસને વેગ મળે તેને અનુલક્ષીને થઈ રહેલી કામગીરીની સમીક્ષા કરતા જણાવ્યું હતું કે, હાલમાં સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલી જંત્રીના દરમાં કોઈપણ પ્રકારનો નવો વધારો કરવાની કોઈ દરખાસ્ત નથી અને તેને લગતી કોઈ કામગીરી પણ થઈ રહી નથી.

પરંતુ જે વિસ્તારોમાં જંત્રીના દરમાં વધુ પડતો વધારો થયો છે તે વધારો વાસ્તવિક પરિસ્થિતિને ધ્યાને લેતા ઘણો વિસંગત હોવાની રજુઆત થઈ હતી. જેથી તેમાં રહેલી વિસંગતતા દુર કરવા માટે સાયન્ટીફીક રીતે ગણતરી કરીને આનુષાંગીક વિસ્તારોમાં જંત્રીના દરમાં સુધારો અમલમાં લાવવા અંગેની કામગીરી હાથ ધરવામાં આવી છે.

# કેન્સરની સીરપ કીમોથેરાપીની પીડાથી મુક્તિ અપાવશે

## ACTRECના ડોક્ટરોએ બેંગ્લુરૂની IDRS લેબ્સના સહયોગથી આ દવા તૈયાર કરી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતના વૈજ્ઞાનિકોએ કેન્સર દર્દીઓ માટે પ્રથમ સીરપ તૈયાર કરવામાં સફળતા મેળવી લીધી છે. તેનું નામ પ્રીવેલ રખાયું છે. શું આ કફ સીરપ બની જવાથી અત્યંત પીડાદાયક કીમોથેરેપીથી મુક્તિ મળી જશે? એ એક મોટો સવાલ છે.

ટાટા મેમોરિયલ હોસ્પિટલ એન્ડ એડવાન્સ્ડ સેન્ટર ફોર ટ્રેનિંગ રિસર્ચ એન્ડ એજ્યુકેશન ઈન કેન્સરએ કેન્સર દર્દીઓની સારવાર માટે ભારતની આ પહેલી સીરપ (ઓરલ સસ્પેન્શન) તૈયાર કરવામાં સફળતા મેળવી હતી. કીમોથેરેપીમાં વપરાતી આ દવા (૬-મર્કેપ્ટોપ્યૂરિન કે પછી ૬-ખડ) નું નામ



પ્રીવેલ (PREVALL) રખાયું છે. ACTRECના ડોક્ટરોએ બેંગ્લુરૂની IDRS લેબ્સના સહયોગથી આ દવા તૈયાર કરી હતી. બ્લડ કેન્સરના દર્દીઓ માટે આ દવા ક્રાંતિ લાવી શકે છે. ખાસ કરીને બાળકોની કેન્સરની સારવારમાં પરંપરાગત ટેબલેટ માટે આ અસરદાર વિકલ્પ બની શકે છે.

મર્કેપ્ટોપ્યૂરિનનો ઉપયોગ તમામ પ્રકારના કેન્સરની સારવારમાં થાય છે. આ એન્ટીમેટાબોલાઈટ્સ નામની દવાઓના વર્ગ સાથે સંકળાયેલો છે જે કેન્સરના કોષોને વધતાં અટકાવે છે. ટાટા મેમોરિયલ હોસ્પિટલના ચાઈલ્ડ મેડિકલ ઓન્કોલોજી વિભાગના પ્રમુખ ડો. ગિરીશ ચિન્નાસ્વામીએ કહ્યું કે પ્રીવેલનું લોન્ચિંગ એક મોટી પ્રગતિ છે જે બાળકો માટે વધુ અનુકૂળ રહેશે. હાલમાં બાળકોને ટેબલેટ આપવામાં આવતી હતી. પ્રીવેલને દવા નિયામક CDSCO દ્વારા માન્યતા મળી ગઇ છે.

આપણે જ્યારે કેન્સરની સારવાર વિશે વિચારીએ છીએ તો પહેલી વસ્તુ ધ્યાનમાં આવે છે એ છે કીમોથેરેપી. કેન્સરમાં કીમોથેરેપી ફરજિયાત રીતે આપવામાં આવતી એક સારવાર છે જેમાં દવાઓની મદદથી કેન્સરના કોષોને ઝડપથી નષ્ટ કરાય છે. કીમોથેરેપીમાં સામાન્ય રીતે રેડિયોથેરેપી, સર્જરીથી ટ્યુમરને હટાવવા, લક્ષિત દવાઓ વગેરે સામેલ છે. કીમો મોટાભાગે ઈન્ટ્રાવેનસ (નસના માધ્યમથી લોહીમાં) ઈન્જેક્શન તરીકે અને ક્યારેક ક્યારેક મોં વાટે લેવાતી દવાઓ તરીકે અપાય છે. કેન્સરની સારવાર માટે પહેલીવાર ૧૯૪૦માં કીમોથેરેપી અપાઈ હતી. હવે નવી સીરપ મળી જતાં લોકોને નસ દ્વારા અપાતી કીમોથેરેપીથી મુક્તિ મળી શકે છે. એટલે કે હવે તેમાં પીડા કે અસહજતાની સ્થિતિ પેદા નહીં થાય. હજુ તેની કિંમત વિશે ખુલાસો નથી કરાયો પણ અપેક્ષા મુજબ તેની કિંમત ઓછી હશે.

# બબ્બર ખાલસાના વડા વોન્ટેડ ગેંગસ્ટર લખધીરસિંહને આતંકી જાહેર કરતું ભારત

## ૨૦૨૨માં પંજાબમાં ગુપ્તચરના વડા મથક પર રોકેટ લોન્ચરથી હુમલા સહિત અનેક ગેંગસ્ટર પ્રવૃત્તિમાં સામેલ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્રીય ગૃહમંત્રાલયે ૨૦૨૨માં પંજાબ પોલીસના ગુપ્તચર વડામથક પર રોકેટ લોન્ચરથી હુમલા ઉપરાંત ભારતમાં ડ્રોન મારફત હથિયારો-માદક દ્રવ્યો તથા બનાવટી ચલણી નોટો ઘુસાડીને આતંકવાદી પ્રવૃતિના માસ્ટર માઈન્ડ જેવા બબ્બર ખાલસાના વોન્ટેડ ગેંગસ્ટર લખબીરસિંહ લાંડાને આતંકવાદી જાહેર કર્યા છે.

બલવીરસિંહ ભારતમાં ભીસ વધતા કેનેડામાં વસી ગયો છે પણ તેણે



પાકિસ્તાનમાં તેનું નેટવર્ક બનાવ્યું છે તે હાલ કેનેડાના અલ્બર્સના એડમોટનમાં રહે છે અને ત્યાંથી તે ભારત વિરોધી પ્રવૃતિ ચલાવે છે તથા તે છેક કેનેડાથી પાકમાં આધુનિક સંદેશાવ્યવહારથી પોતાની પ્રવૃતિ ચલાવે છે.

તે કેનેડામાં ખાલીસ્તાની સંગઠન સાથે પણ જોડાયો છે અને પંજાબમાં તે આતંકી પ્રવૃતિ વધારવા માટે આધુનિક હથિયાર ડ્રોન તથા વિસ્ફોટકો પણ પાકમાંથી ઘુસાડવાનું નેટવર્ક ચલાવે છે તથા તે પોતાના ગેંગસ્ટર નેટવર્ક મારફત ખંડણી વસુલવા હત્યા-માદક દ્રવ્યોના કારોબારને પણ ચલાવે છે. કેનેડા સ્થિત ખાલીસ્તાની સમર્થનો પર ભીસ વધારવા ભારતે જે પ્રયાસો શરૂ કર્યા છે તેમાં લખબીરસિંહ ટોપ મોસ્ટ એજન્ડા છે.

# ઉત્તર ભારતમાં ધુમ્મસનો કેર યથાવત, ટ્રેન-ફ્લાઈટ્સ પ્રભાવિત, ઘણા રાજ્યોમાં વરસાદની આગાહી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હી, પંજાબ, હરિયાણા, ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશ સહિત સમગ્ર ઉત્તર ભારતમાં તીવ્ર ઠંડી સાથે ગાઢ ધુમ્મસનો કેર હજુ પણ યથાવત છે જેના પગલે આજે પણ ઘણી ટ્રેન મોડી દોડી રહી છે તેમજ અનેક ફ્લાઈટ્સમાં ડાયવર્ટ કરવામાં આવી છે. હવામાન વિભાગે આગામી પાંચ દિવસ ગાઢ ધુમ્મસની આગાહી કરી છે. નોઈડા સહિત સમગ્ર ગૌતમ બુદ્ધ નગર જિલ્લામાં બે દિવસની રજા જાહેર કરવામાં આવી છે.

દેશની રાજધાની દિલ્હી અને તેની આસપાસના જિલ્લાઓમાં ગાઢ ધુમ્મસની ચાદર પથરાઈ ગઈ છે, જેના કારણે વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે ત્યારે હવામાન વિભાગે આગામી ૫ દિવસ સુધી લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રી સેલ્સિયસ રહેવાની આગાહી કરી છે, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ,



રાજસ્થાન, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ-બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

ઉત્તર ભારતના ઘણા વિસ્તારોમાં ગઈકાલે દિવસભર ધુમ્મસ છવાયેલી હતી. ગઈકાલે રાત્રે દિલ્હી-ગઈછના ઘણા વિસ્તારોમાં ઠંડા પવનો સાથે ગાઢ ધુમ્મસ છવાઈ જતા વિઝિબિલિટી ઓછી થઈ ગઈ હતી જેના કારણે અનેક રોડ અકસ્માત થયા હતા. આજે પણ અનેક રાજ્યોમાં ગાઢ ધુમ્મસને કારણે ટ્રેન અને ફ્લાઈટ સેવા પ્રભાવિત થઈ છે. સમગ્ર ઉત્તર ભારતમાં ઘણી ટ્રેન મોડી દોડી રહી છે જેનાથી મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ગાઢ ધુમ્મસને કારણે ઘણી ફ્લાઈટ્સમાં મોડી આવી રહી છે તો એરપોર્ટે મુસાફરો માટે એડવાઈઝરી જાહેર કરી છે.

# નવા વર્ષની ઉજવણીએ દેશભરમાં સર્જયો જબરો રોમાંચ

## મહાનગરોમાં ૨૦૨૩ને બાય..બાય.. તેમજ ૨૦૨૪ને આવકારવા અનેકવિધ આયોજનો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

થર્ટીફર્સ્ટ... આ એક શબ્દ જ નવા વર્ષની ઉજવણીની રાત્રીએ દેશભરમાં રોમાંચ સર્જી ગયા છે અને વિદાય લેતું વર્ષ વીક એન્ડ એટલે કે તા.૩૦-૩૧ શનિ-રવિના દિવસે આવતુ હોવાથી ઉજવણીનો ઉત્સાહ અનેકગણો વધી ગયો છે. વર્ષ ઉજવવા દેશભરમાં સહેલાણી સ્થળો પર ભારે ભીડ છે. સામાન્ય કરતા પણ કાશ્મીર સહિતના ઠંડી ઓછી હોવા છતાં હિમાલયન સ્થળોથી છેક રાજસ્થાનના રણ અને કેરળના રીસોર્ટથી ગોવાના બીચ સુધી લાખો લોકો નવું વર્ષ બનાવવા ગયા છે તો દેશના મેટ્રોથી મહાનગરોમાં આજ રાત્રીથીજ પાર્ટીઓનો માહોલ શરૂ થઈ ગયો છે તથા હોટેલોથી રીસોર્ટ સુધી તથા ફાર્મહાઉસથી ટેરેસ સુધી ઉજવણીના આયોજન પણ શરૂ થયા છે.





દેશમાં હવે ટ્રાવેલ કલ્ચર વધી ગયુ છે અને તેથી હોટેલોને પણ નવા વર્ષની ઉજવણીનો જબરો તડાકો પડી રહ્યો છે તો દિપાવલીમાં જેમ કોરોના કાળ બાદની સુપર હિટ તહેવારોની ઉજવણી થઈ તેવીજ ઉજવણી આજે અને આવતીકાલે થશે.

ગોવામાં દિવથી લઈને સાસણના જંગલો અને સોમનાથ, દ્વારીકા ઉપરાંત સાપુતારા, સ્ટેચ્યુ ઓફ યુનીટી અને અન્ય સ્થળો પણ સહેલાણી પહોંચી ગયા છે. નવા વર્ષની ઉજવણીમાં આ વર્ષે ગોવા કરતા રાજસ્થાનમાં સૌથી વધુ સહેલાણી પહોંચ્યા હોવાનો અંદાજ છે અને ગુજરાતમાં જે શોખીનો સ્થાનિક સ્તરે પોતાની નખાસથ ઉજવણીનો આનંદ માણી શકતા નથી તેમાં પાડોશી મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશ સુધી પહોંચી ગયા છે. જો કે આ વર્ષે કોરોનાની થોડી ચિંતા છે પણ નવા વર્ષની ઉજવણીમાં તે ચિંતા ભુલાઈ છે.

દેશમાં નવા વર્ષની ઉજવણીમાં ફાઈવ સ્ટારથી સિંગલ સ્ટાર્સ તમામ હોટેલો તથા રીસોર્ટમાં જબરા આયોજનો થયા છે અને હવે ભાગ્યે જ કયાંય નરૂમથ ઉપલબ્ધ હોય તેવી સ્થિતિ છે. તે વચ્ચે મેટ્રોસીટીની હોટેલોમાં વન-નાઈટ-સેલીબ્રેશનમાં ભાડા રૂા.૧ લાખથી રૂા.૭ લાખ સુધી પહોંચી ગયા છે. દેશમાં ૨૦૨૩નું વર્ષ કમાણીની દ્રષ્ટિએ સુપર્બ રહ્યું છે અને તેથી ખર્ચમાં પણ નવા વર્ષ પુર્વેની ઉજવણી તેવીજ શાનદાર રહેશે તેવા સંકેત છે.

દિલ્હી, જયપુર અને ઉદયપુરમાં લીલા પેલેસ હોટેલ અને રીસોર્ટમાં થર્ટી ફર્સ્ટ માટે હવે રૂમ ઉપલબ્ધ નથી અને અહી ભાડા ૧ રાત્રીના ૧.૦૬ લાખ સુધી પહોંચી ગયા છે અને આ દરે અગાઉ જ તમામ બુકીંગ થયા છે. રાજસ્થાનથી ફોર્ટ બરવારા હોટેલમાં તા.૩૧ની એક રાત્રી વિતાવવા માટે રૂા.૧.૨૦ લાખ ખર્ચનારાની પણ કમી નથી તો અહીના મહારાજા સ્યુટ માટે એક રાત્રીના રૂા.૭ લાખ ખર્ચનારની પણ કમી નથી.

હીલ્ટન ગ્રુપની ગોવા-પણજી અને ઉપરાંત હીલ્ટન રીસોર્ટમાં પણ ભાડા રેકોર્ડબ્રેક ઉંચાઈ પર છે. આ વર્ષે વિદેશી ટુરીસ્ટનો પણ ભારતમાં ધસારો છે અને તેથી સ્થાનિક પ્રવાસીઓને પણ રૂમ માટે મુશ્કેલી પડી રહી છે.

# આસામમાં ઉગ્રવાદનો અંત? કેન્દ્ર સરકાર અને ઉલ્ફા વચ્ચે ઐતિહાસિક શાંતિ સમજૂતી કરાર

## દિલ્હીની બેઠકમાં ઉલ્ફા, કેન્દ્ર અને આસામ સરકારના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં સમજૂતી પર હસ્તાક્ષર કરાયા: સમજૂતીમાં આસામની સાંસ્કૃતિક વિરાસત જાળવી રાખવા તેમજ રોજગારીની તકો સહિતની બાબતોનો ઉલ્લેખ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર સરકાર, ઉગ્રવાદી સંગઠન યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ ઓફ આસામ અને આસામ વચ્ચે ત્રિપક્ષીય શાંતિ સમજૂતી કરાર પર હસ્તાક્ષર થયા છે. ૪૦ વર્ષમાં પહેલીવાર ત્રણે પક્ષોના પ્રતિનિધિઓ વચ્ચે આ સમજૂતી પર હસ્તાક્ષર થયા છે. ભારત સરકાર માટે આ ઐતિહાસિક પગલું કારણ કે, કારણ કે સરકાર ઘણો વર્ષોથી પૂર્વોત્તરમાં શાંતિ સ્થાપવાનો પ્રયાસ કરી રહી છે. ઉત્તર-પૂર્વમાં સશસ્ત્ર સુરક્ષા દળો વિરુદ્ધ ઉલ્ફા ઘણા વર્ષોથી હિંસાત્મક પ્રવૃત્તિ કરતી રહી હતી.

દિલ્હીમાં યોજાયેલી બેઠકમાં કેન્દ્ર, ઉલ્ફા અને આસામ સરકારના પ્રતિનિધિઓની ઉપસ્થિતમાં શાંતિ



સમજૂતી પર હસ્તાક્ષર કરાયા છે. બેઠકમાં ગૃહમંત્રી અમિત શાહ, આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા, ગૃહસચિવ અજય કુમાર ભલ્લા, આસામના ડીજીપી જીપી સિંહ સહિત ઉલ્ફા ગ્રૂપના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં પરેશ બરુઆ સંચાલિત ઉલ્ફાના કટ્ટરવાદી જૂથે ભાગ લીધો ન હતો. તેણે સરકારના પ્રસ્તાવિત સમજૂતીમાં સામેલ થવાનો ઈન્કાર કરી દીધો છે.

આસામના લોકોની સાંસ્કૃતિક વિરાસત યથાવત્ રહેશે. આસામના લોકો માટે રાજ્યમાં વધુ સારી રોજગારીની તકો ઉપલબ્ધ કરાવાશે. તેમના કેડરને રોજગારીની તકો સરકાર પૂરી પાડશે. ઉલ્ફાના જે સભ્યોએ સશસ્ત્ર આંદોલનનો રસ્તો છીડ દીધો છે, તેમને મુખ્ય ધારામાં લાવવા ભારત સરકાર તમામ પ્રયાસ કરશે.

# સુકન્યા સમૃદ્ધિ યોજનાના વ્યાજદરમાં ૦.૨%નો વધારો થતાં હવે ૮.૨% મળશે: ૩ વર્ષની ટાઇમ ડિપોઝિટ પર પણ ૦.૧% નફો



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સરકારે શુક્રવાર, ડિસેમ્બર ૨૯, જાન્યુઆરી-માર્ચ ૨૦૨૪ ક્વાર્ટર માટે નાની બચત યોજનાઓ પરના વ્યાજદરોની જાહેરાત કરી હતી. સુકન્યા સમૃદ્ધિ યોજનામાં ૦.૨૦% અને ત્રણ વર્ષના ટાઇમ ડિપોઝિટના દરમાં ૦.૧૦%નો વધારો થયો છે. અન્ય યોજનાઓના દરોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

આ સતત છઠ્ઠું ક્વાર્ટર છે, જ્યારે આ યોજનાઓના દરમાં વધારો કરવામાં આવ્યો છે. અગાઉ ૨૯ સપ્ટેમ્બરે નાણાં મંત્રાલયે ઓક્ટોબર-ડિસેમ્બર માટે રિકરિંગ ડિપોઝિટ (RD) પર વ્યાજદરમાં ૦.૨%નો વધારો કર્યો હતો. નાણાં મંત્રાલયે સતત નવ ક્વાર્ટર સુધી નાની બચત યોજનાઓના વ્યાજદરોમાં કોઈ ફેરફાર કર્યો નથી. આ પછી ઓક્ટોબર-ડિસેમ્બર ૨૦૨૨થી એમાં વધારો થવા લાગ્યો છે.

### કઈ સ્કીમ પર કેટલું વ્યાજ?

| સેવિંગ સ્કીમ | જૂના વ્યાજદરો | નવા વ્યાજદરો |
|---|---|---|
| પોસ્ટ ઓફિસ સેવિંગ્સ એકાઉન્ટ | ૪.0% | ૪.0% |
| પોસ્ટ ઓફિસ રિકરિંગ ડિપોઝિટ | ૬.૭% | ૬.૭% |
| પોસ્ટ ઓફિસ મંથલી ઈન્કમ સ્કીમ | ૭.૪% | ૭.૪% |
| પોસ્ટ ઓફિસ ટાઈમ ડિપોઝિટ (૧ વર્ષ) | ૬.૯% | ૬.૯% |
| પોસ્ટ ઓફિસ ટાઈમ ડિપોઝિટ (૨ વર્ષ) | ૭.0% | ૭.0% |
| પોસ્ટ ઓફિસ ટાઈમ ડિપોઝિટ (૩ વર્ષ) | ૭.0% | ૭.૧% |
| પોસ્ટ ઓફિસ ટાઈમ ડિપોઝિટ (૫ વર્ષ) | ૭.૫% | ૭.૫% |
| કિસાન વિકાસ પત્ર (KVP) | ૭.૫% | ૭.૫% |
| પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (PPF) | ૭.૧% | ૭.૧% |
| સુકન્યા સમૃદ્ધિ યોજના | ૮.0% | ૮.૨% |
| નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ | ૭.૭% | ૭.૭% |
| સિનિયર સિટિઝન સેવિંગ સ્કીમ (SCSS) | ૮.૨% | ૮.૨% |
| મહિલા સન્માન સેવિંગ્સ સર્ટિફિકેટ | ૭.૫% | ૭.૫% |

નાની બચત યોજનાના વ્યાજદરોની દર ક્વાર્ટરમાં સમીક્ષા કરવામાં આવે છે. તેમના વ્યાજદરો નક્કી કરવાની ફોર્મ્યુલા શ્યામલા ગોપીનાથ સમિતિ દ્વારા આપવામાં આવી હતી. સમિતિએ સૂચન કર્યું હતું કે આ યોજનાઓના વ્યાજદર સમાન પરિપક્વતાના સરકારી બોન્ડની ઊપજ કરતાં ૦.૨૫-૧.00% વધુ હોવા જોઈએ.

નાની બચત યોજના ભારતમાં ઘરગથ્થુ બચતનો મુખ્ય સ્ત્રોત છે અને એમાં ૧૨ સાધનનો સમાવેશ થાય છે. આ યોજનાઓમાં થાપણદારોને તેમનાં નાણાં પર નિશ્ચિત વ્યાજ મળે છે. તમામ નાની બચત યોજનાઓમાંથી કલેક્શન નેશનલ સ્મોલ સેવિંગ્સ ફંડ (NSSF)માં જમા કરવામાં આવે છે. નાની બચત યોજનાઓ સરકારી ખાધને ધિરાણ કરવાના સ્ત્રોત તરીકે ઊભરી આવી છે.

નાની બચતનાં સાધનોને ત્રણ ભાગમાં વહેંચી શકાય:

પોસ્ટલ ડિપોઝિટ: સેવિંગ એકાઉન્ટ, રિકરિંગ ડિપોઝિટ, ટાઇમ ડિપોઝિટ અને માસિક આવક યોજના

સેવિંગ સર્ટિફિકેટ: નેશનલ સ્મોલ સેવિંગ્સ સર્ટિફિકેટ (NSC) અને કિસાન વિકાસ પત્ર (KVP)

સોશિયલ સિક્યોરિટી સ્કીમ: સુકન્યા સમૃદ્ધિ યોજના, પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (PPF) અને સિનિયર સિટિઝન સેવિંગ સ્કીમ (SCSS)

# મોરબીમાં દલવાડી સર્કલ-લીલાપર ચોકડી, રવાપર ગામ-રવાપર ચોકડી, ભક્તિનગરથી ઉમિયા સર્કલ રસ્તાઓ પર ભારે વાહનો માટે પ્રવેશબંધી

## ટ્રાફિક સમસ્યા હલ કરવા માટે તા.૩૧ જાન્યુ. સુધી જિલ્લા મેજીસ્ટ્રેટનું જાહેરનામું બહાર પડાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરમાં વાહનોની સંખ્યામાં વધારો થયો હોવાથી દલવાડી સર્કલ થી લીલાપર ચોકડી સુધી, રવાપર ગામથી રવાપર ચોકડી થઈ લીલાપર ચોકડી સુધી તથા ભક્તિનગરથી ઉમિયા સર્કલ સુધી દિવસ દરમિયાન ભારે વાહનોની અવર જવર બંધ કરવા માટે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી જી.ટી. પંડ્યા દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે.

આ જાહેરનામાં અનુસાર (૧) દલવાડી સર્કલ થી લીલાપર ચોકડી, (૨) રવાપર ગામથી રવાપર ચોકડી થી લીલાપર ચોકડી અને (૩) ભક્તિનગર થી ઉમિયા સર્કલ રસ્તાઓ પર તા.૩૧/૦૧/૨૦૨૪ સુધી સવારના કલાક-૦૮:૦૦ થી રાત્રીના કલાક-૧૨:૦૦ સુધી ભારે વાહનોને પસાર થવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે.

આ જાહેરનામું ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમના વાહનો, સરકારી વાહનો, ફાયર ફાઇટર, સ્કુલ/ કોલેજના વાહનો, ઇમરજન્સી વાહનો, આવશ્યક ચીજ વસ્તુઓ સાથે સંકળાયેલા તમામ વાહનો તેમજ પૂર્વ મંજૂરી મેળવેલ હોય તેવા વાહનોને લાગુ પડશે નહિ.


# જામનગર સહિત હાલારના જળ પ્લાવિત વિસ્તારમાં દેશ-વિદેશથી ૨૦૦ થી વધુ પ્રજાતિના યાયાવર પક્ષીઓનું આગમન

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સહિત હાલારના જળ પ્લાવિત વિસ્તારમાં દેશ-વિદેશથી ૨૦૦ થી વધુ પ્રજાતિના યાયાવર પક્ષીઓનું આગમન થયું છે. ત્રીજા અને છેલ્લા તબક્કાની પક્ષી ગણતરી હાથ ધરવામાં આવનાર છે.

શિયાળાની ઋતુમાં હાલારમાં દૂર-દૂરના દેશોમાંથી યાયાવર પક્ષીઓનું આગમન થતું હોય છે, અને વન વિભાગ દ્વારા આવા પક્ષીઓની સમયાંતરે પક્ષી ગણતરી હાથ ધરવામાં આવતી રહે છે.





હાલ પણ જામનગર સહિત હાલાર પંથકના વિસ્તારમાં પક્ષી ગણતરી કાર્ય ચાલી રહ્યું છે. જેમાં બે તબક્કાની પક્ષી ગણતરી થઈ ચૂકી છે, જ્યારે છેલ્લા અને ત્રીજા તબક્કાની ગણતરી તા. ૩૦-૩૧ ડિસેમ્બરે કરવામાં આવનાર છે. જેમાં આશરે ૯૦ થી વધુ લોકો જોડાશે.

અત્યાર સુધીમાં ૨૦૦ થી વધુ પ્રજાતિના પક્ષીઓ નોંધાઈ ચૂક્યા છે. જેમાં ક્રેન, ફ્લેમીંગો, પેલીકન, વુડપેકર, કિંગફિશર, કોર્મોરન્ટ વગેરે જેવા ચકલી-પક્ષીઓનો સમાવેશ થાય છે.આગામી ત્રીજા તબક્કાની પક્ષી ગણતરી સિક્કાથી નરારા ટાપુ સુધીના વિસ્તારોમાં થશે. આ પછી તમામનું સંકલન કરીને પક્ષી ગણતરીના આંકડા જાહેર કરવામાં આવશે.

# રાજુલા એસટી બસ સ્ટેન્ડ ખાતે બ્લડ ડોનેશન કેમ્પનુ આયોજન કરાયુ

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:**લોહીનું એક ટીપું માણસની જિંદગી બચાવે છે આ સૂત્રને સાર્થક કરવા રાજુલા એસટી ડેપોના સ્ટાફ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું માર્ગદર્શન વિભાગીય નિયામક પી.પી.ધામાંના માર્ગદર્શન

નીચે રાજુલા ડેપોમેનેજર મમતાબેન જોશી,ડિ.ટી.ઓ મેડમ કરમટા,એ.ટી.આઇ અયુબખાન પઠાણ,ભરતભાઈ વરૂ,ચંપુભાઈ ચાંદુ,કસુભાઈ ધાખડા,મિલનભાઈ ચાવડા,રાજેન્દ્રભાઇ જાની,હરેશભાઈ ડોઢિયા અને સંદીપભાઈ સહિત આ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી તેમજ આ બ્લડ ડોનેશન કાર્યક્રમમાં મહુવા નવકાર બ્લડ બેન્ક દ્વારા પોતાની સેવા આપવામાં આવેલ



# માળીયા(મી)ના રોહિશાળા ગામના પાટીયા પાસેથી કતલખાને લઈ જવાતા ૧૨ પાડાને મુક્ત કરાવાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ગૌ રક્ષકોને મળેલ બાતમીને આધારે રોહીશાળા ગામના પાટીયા પાસેથી તુફાન ગાડીમાં ભરી અમદાવાદ કતલખાને લઇ જવાતા ૧૨ પાડાને બચાવી લેવાયા હતા. જયારે તુફાન ગાડીના ચાલક સહીત બે ઈસમો વિરુદ્ધ માળીયા(મી) પોલીસમાં ફરિયાદ નોંધાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

મળતી માહિતી અનુસાર મોરબીના પીપળી ગામે રહેતા અને ગૌ રક્ષક એવા વૈભવભાઈ જીતેશભાઇ જાલરીયા ઉવ.૨૬ એ આરોપી જાવેદ જાકીરશા ફકીર તથા મોઇન હારુન ગામમામા બંને રહે. રામરહીમનગર બહેરામપુરા અમદાવાદ વિરુદ્ધ માળીયા(મી) પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે મોરબી હિન્દૂ યુવા વાહિનીના ગૌ રક્ષક કમલેશભાઈ તથા યશભાઈની સાથે વૈભવભાઈ અણિયારી ટોલનાકા પાસે હતા ત્યારે બાતમી મળેલ કે કચ્છથી અમદાવાદ તુફાન ગાડી રજી. જીજે-૦૫-બીઝેડ-૯૩૪૭ માં પશુઓને ભરીને બે ઈસમો આવે છે. જે મળેલ બાતમીને આધારે વોચમાં હોય ત્યારે ઉપરોક્ત રજી. નં. ની તુફાન ગાડી આવતા તેને ઉભી રાખવી મોરબી પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરતા માળીયા પોલીસ ટીમ રોહિશાળા ગામના પાટીયા પાસે આવી ગયી હતી.



માળીયા પોલીસ દ્વારા તુફાન ગાડીની તલાસી લેતા તુફાન ગાડીના પાછળના ભાગમાં અત્યંત નિર્દયતાથી ટૂંકા દોરડાથી બાંધેલ ૧૨ પાડા મળી આવતા તુફાન ગાડીના ચાલક પાસે આ બાબતે આધાર પુરાવા માંગતા તેની પાસે ન હતા અને કતલખાને લઇ જવાના ઈરાદા સાથે પશુઓને લઇ જવામાં આવતા હોવાનું જણાય આવતા માળીયા પોલીસે ૧૨ પાડા તેમજ તુફાન ગાડી કબ્જે લઇ તુફાન ગાડીના ચાલક સહીત બંનેની અટક કરી ગુજરાત પશુ ક્રુરતા અધિનીયમની કલમ હેઠળ ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# રાજુલા વકીલ મંડળની બેઠકમાં પ્રમુખ તરીકે વિજયભાઈ વરૂની બિનહરિફ વરણી કરવામાં આવી

**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલા:** રાજુલામાં વકીલ મંડળની મીટીંગ મળી હતી જેમાં પ્રમુખ તરીકે વિજયભાઈ વરુ ઉપપ્રમુખ તરીકે કરશનભાઈ રાઠોડ, સહ ઉપપ્રમુખ તરીકે હિતેશભાઈ ખાગડ, સેક્રેટરી તરીકે મૌલિનભાઈ ઠાકર, જોઈન્ટ સેક્રેટરી તરીકે કિર્તીભાઈ પરમાર, ખજાનચી તરીકે પંકજભાઈ સરવૈયા, અને લાયબ્રેરિયન તરીકે અશોકભાઈ બાબરિયાની સર્વાનુમતે નિમણૂક કરાઈ હતી આ નિમણૂકને તમામ વકીલોએ આવકારી તેમને અભિનંદન પાઠવ્યા હતા.



# ધ્રોલમાં લગ્નની લાલચ આપી સગીરાનું પરપ્રાંતિય શખ્સે કર્યું અપહરણ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના ધ્રોલ પંથકમાં મજૂરીકામ માટે આવીને રહેતા એક પરપ્રાંતિય પરિવારની સોળેક વર્ષની પુત્રી એક મહિના પહેલાં ભેદી રીતે ગુમ થયા પછી આ તરૂણીનું મધ્યપ્રદેશનો એક શખ્સ લગ્નની લાલચ આપી અપહરણ કરી ગયો હોવાની પોલીસમાં ફરિયાદ કરાઈ છે.

ધ્રોલ તાલુકાના મોટા વાગુદળ ગામમાં મજૂરીકામ માટે આવીને રહેતા એક પરપ્રાંતિય પરિવારની પંદર વર્ષ અને અગિયાર મહિનાની વય વાળી પુત્રી ગયા મહિનાની ૨૯ તારીખે સાંજના સમયે તેના રહેણાંકના સ્થળેથી ભેદી સંજોગોમાં લાપત્તા બની હતી.




આ તરૂણીની તેણીના પરિવારે શોધખોળ શરૂ કર્યા પછી નજીકમાં જ આવેલા બીજા ખેતરમાં મજૂરીકામ માટે આવીને રહેતો મૂળ મધ્ય પ્રદેશના અલીરાજપુર જિલ્લાના જોબટ તાલુકાના ઉમરી ગામનો કુંવરસિંગ મગનભાઈ વસુનીયા નામનો શખ્સ પણ ગુમ હોવાનું જણાઈ આવ્યું હતું. તેથી તપાસ કરાવાતા આ તરૂણીને કુંવરસિંગ નસાડી ગયો હોવાની આશંકા સેવી આ તરૂણીના વાલીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આઈપીસી ૩૬૩, ૩૬૬ હેઠળ ગુન્હો નોંધી તપાસ આદરી છે.

# યુવતીને પ્રેમીએ દગો આપતાં ઝેરી દવા પી આપઘાત

## યુવતિને મરી જવા મજબુર કર્યાની પ્રેમી સામે ફરીયાદ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં નવાગામ ઘેડ બાપુનગર વિસ્તારમાં રહેતી યુવતીને તેના પ્રેમીએ આશરે ચાર વર્ષના પ્રેમ સંબંધ બાદ દગો આપી અન્ય યુવતી સાથે લગ્ન નક્કી કરી લેતાં તેણીને મનમાં લાગ્યું હોવાથી ઝેરી દવા પી લઈ આત્મહત્યા કરી લીધી છે. યુવતિને મરી જવા માટે મજબુર કર્યાની ચંગા ગામમાં રહેતા પ્રેમી યુવક સામે પોલીસે ગુનો નોંધાયો છે.જામનગરમાં નવાગામ ઘેડ બાપુનગર વિસ્તારમાં રહેતી યોગીતાબા અજીતસિંહ રાઠોડ નામની ૨૬ વર્ષની યુવતીએ તાજેતરમાં પોતાના ઘેર ઝેરી દવા પી લઇ આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેણીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં તેણીનું મૃત્યુ નિપજ્યું હતું.આ બનાવ અંગે મૃતકની માતા કુસુમબા અજીતસિંહ રાઠોડએ પોલીસને જાણ કરતાં સિટી એ. ડિવિઝન પોલીસે યોગીતાબાના મૃતદેહનો કબ્જો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.પોલીસની પૂછપરછ દરમિયાન યોગીતાબાને છેલ્લા ચાર-પાંચ વર્ષથી જામનગર તાલુકાના ચંગા ગામમાં રહેતા દિવ્યરાજસિંહ પ્રવિણસિંહ ચાવડા નામના યુવાન સાથે પ્રેમ સંબંધ હતો, પ્રેમીએ પ્રેમસબંધ રાખીને લગ્ન કરવાનું લખાણ કર્યા બાદ દગો કર્યો હતો, અને તેણી સાથે લગ્ન નહીં કરી, અન્ય સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું હતું.જેથી યોગીતાબાને મનમાં લાગી આવતાં પગલું ભરી લીધું હતું. આ બનાવ પછી સિટી એ. ડિવિઝન પોલીસે મૃતકની માતા કુસુમબાની ફરિયાદના આધારે આરોપી પ્રેમી દિવ્યરાજસિંહ પ્રવીણસિંહ ચાવડા સામે યુવતીને મરી જવા દુષ્પ્રેરણા આપ્યાની આઇપસી કલમ ૩૦૬ મુજબ ફરીયાદ દાખલ કરીને પોલીસ દ્વારા તપાસ ચલાવવામાં આવી રહી છે.



# મોરબીની વીસી હાઈસ્કૂલ પાછળનો ભંગાર રસ્તો નવો બનાવવા નિંભર તંત્રને અનેક વખત રજુઆત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીની વી.સી.હાઈસ્કૂલ પાછળનો રોડ છેલ્લા ચાર વર્ષથી અત્યંત ભંગાર હાલતમાં હોય તેથી રાહદારી અને વિદ્યાર્થીને અગવડ પડે છે માટે રોડ તાકીદે નવો બનાવવા મોરબી જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળ પ્રમુખ દ્વારા મોરબી નગર પાલિકા ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરી છે.



ગ્રાહક સુરક્ષા મંડળ પ્રમુખ લાલજીભાઈ દ્વારા લેખિત રજુઆતમાં જણાવ્યા અનુસાર મોરબીની વી.સી.હાઇસ્કુલ પાછળનો રોડ ચાર વર્ષથી ખરાબ છે. અહીં વી.સી. હાઇસ્કુલ તથા એમ.પી. ગર્લ્સ હાઇસ્કુલના આશરે ૩૦૦૦ ત્રણ હજારથી વધુ વિદ્યાર્થીઓ આવન જાવન કરે છે. તેમજ આ જ રોડ ઉપર આવેલ ટ્રેડ સેન્ટરમાં કોમ્પલેક્ષમાં આશરે ૧૫૦ ઓફિસો આવેલ છે. અગાઉ નગરપાલીકાએ આ રોડ થોડો ખોદી નાખેલ છે. પણ ચાર વર્ષથી કામ થયેલ નથી. આ ભંગાર રોડને લઇ ચોમાસામાં પાણી ભરાઇ છે. અને ઘણા વિદ્યાર્થીઓ અને બીજા રાહદારીઓ અહીં પડી જાય છે. આ ચાર વર્ષમાં લાલજીભાઈ દ્વારા તંત્રને દશમો વિનંતી પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે ત્યારે હમણાં મોરબી શહેરના ઘણા મુખ્ય રોડનું કામ કરવામાં આવવાનું છે તો ત્યારે આ રોડને પણ ખોદીને નવો રોડ બનાવવામાં આવે તો ઘણી રાહત મળે તો તાત્કાલીક આ રોડનું કામ ચાલુ થાય તેવી લેખિત રજૂઆત કરવામાં આવી હતી.

# રાજ્યવ્યાપી સૂર્યનમસ્કાર કરી ગુજરાત વિશ્વ વિક્રમ નોંધાવશે

## નવા વર્ષે સૂરજની પેલી કિરણ સાથે આ વિશ્વ વિક્રમમાં મોરબી જિલ્લો પણ બનશે સહભાગી

**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબી:** ૧લી જાન્યુઆરીના રોજ ગુજરાત સૂર્ય નમસ્કાર થકી વિશ્વ વિક્રમ સ્થાપિત કરવા જઈ રહ્યું છે ત્યારે મોરબી જિલ્લો પણ આ સિદ્ધિમાં સહભાગી બનશે. જે અન્વયે મોરબીમાં ૧લી જાન્યુઆરીના રોજ નાલંદા વિદ્યાલય ખાતે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સુચારૂ આયોજનના ભાગરૂપે જિલ્લા કલેકટરશ્રી જી.ટી. પંડ્યાના અધ્યક્ષસ્થાને બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠક અન્વયે કાર્યક્રમ માટે તમામ વ્યવસ્થાઓ કરવા માટે કલેકટરશ્રીએ સંબંધિત વિભાગોને જણાવ્યું હતું. ઉપરાંત કલેકટરશ્રીએ મોરબી જિલ્લાની તમામ જનતાને સવારે ૦૭:૦૦ વાગ્યે નાલંદા વિદ્યાલય ખાતે પધારી આ વિશ્વ વિક્રમમાં સહભાગી બનવા હાર્દીક નિમંત્રણ પાઠવ્યું છે.





વર્ષના પ્રથમ દિવસે એટલે કે, ૧લી જાન્યુઆરી ૨૦૨૪ના રોજ સૂર્યના પ્રથમ કિરણ સાથે સમગ્ર ગુજરાત રાજ્ય યોગ સૂર્ય નમસ્કાર કરી વિશ્વ વિક્રમ સ્થાપવા જઈ રહ્યુ છે, ત્યારે સમગ્ર રાજ્યમાં કુલ ૫૧ સ્થળો નક્કી કરવામાં આવ્યા છે. આ સ્થળોમાં મોરબી જિલ્લાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે જે અંતર્ગત ગુજરાત રાજ્ય યોગબોર્ડ મોરબી જિલ્લામાં શ્રી નાલંદા વિદ્યાલય, વિરપર, તા:-ટંકારા ખાતે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભવ્યાતિ ભવ્ય કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વે લોકો સુર્ય નમસ્કાર કરીને વિશ્વ વિક્રમમાં પોતાનો ફાળો નોંધાવશે.

આ બેઠકમાં કલેક્ટરશ્રી સાથે જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી કવિતાબેન દવે, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એન.વી.રાણીપા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી પી.વી.અંબારીયા, જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી હિરલ વ્યાસ, પોલિસ ઈન્સ્પેકટરશ્રી એસ.એમ.ચૌહાણ સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# સોલેરિયમ થી જી. જી. હોસ્પિટલનો રસ્તો પુનઃ તાત્કાલિક ચાલુ કરવા રજૂઆત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં અંબર ચોકડીથી જી.જી. હોસ્પિટલ તરફનો માર્ગ બંધ કરવામાં આવ્યો હોવાથી ટ્રાફિક સમસ્યા સર્જાઈ રહી છે. આથી સોલેરિયમ વાળો માર્ગ ખુલ્લો કરવો જોઈએ તેવી માંગણી ઉઠવા પામી છે. અખિલ ભારતીય કોળી સમાજ (જામનગર જિલ્લા)ના મહામંત્રી સુભાષ ગુજરાતીએ કેન્દ્રના ગૃહમંત્રીને પાઠવેલ પત્રમાં રજુઆત કરતા જણાવ્યું છે કે, અંબર ચોકડી પાસે રસ્તો બંધ કરવામાં આવ્યો છે. આથી ટ્રાફિક સમસ્યા સર્જાઈ રહી છે. આ માર્ગે, હોસ્પિટલ, અનેક સ્કૂલો આવેલ છે. નવાગામ (ઘેડ)માં ચાલીસ હજાર લોકો વસવાટ કરે છે. દર્દીઓને લઈ જતી ૧૦૮ એમ્બ્યુલન્સને સમસ્યા નડી રહી છે. આથી સોલેરિયમથી આર્મી વિસ્તારને જોડતો માર્ગ જે હાલ બંધ કરાયો છે તેને પુનઃ ખોલી આપવો જોઈએ. આથી ટ્રાફિક સમસ્યામાંથી લોકોને રાહત મળશે.

# મોરબીના ખોખરા હનુમાન હરિહરધામ ખાતે ત્રિદિવસીય રાજ્યકક્ષાની શાસ્ત્રીય સ્પર્ધા અને અંતરિક્ષ વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ભરતનગર નજીક આવેલ ખોખરા હનુમાન હરિહરધામ ખાતે ત્રણ દિવસીય શાસ્ત્રોક્ત, વિજ્ઞાન અને ટેક્નોલોજીને જાણવા તેમજ તેનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ખોખરા હનુમાન હરિહરધામના મહામંડલેશ્વર ૧૦૦૮ કનકેશ્વરી માઁ એ આ ત્રિદિવસીય કાર્યક્રમ પ્રસંગે જણાવ્યું હતું કે જ્ઞાન, વિજ્ઞાન અને શાસ્ત્રોના ત્રિવેણી સંગમનો આ ત્રિદિવસીય કાર્યક્રમ છે. જેમાં રાજ્યકક્ષાની શાસ્ત્રોને આધારની સ્પર્ધા છે એટલે સમગ્ર ગુજરાત રાજ્યમાંથી ૬૦૧ બાળ-ભૂદેવો આ સ્પર્ધામાં ભાગ લેવા માટે આવ્યા છે તેમજ અંતરિક્ષ વિજ્ઞાનનું પ્રદર્શન અને તેની જાણકારી આપવા ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન(ઈસરો) ના વૈજ્ઞાનિકો અને અધિકારીઓ આવ્યા છે કે જેઓ જુદા જુદા વિજ્ઞાન આધારિત પ્રદર્શનો દ્વારા સમાજ આપશે. આ કાર્યક્રમમાં મોરબી જીલ્લાની તમામ સ્કૂલોના વિદ્યાર્થી આ ત્રિદિવસીય કાર્યક્રમમાં ઉપસ્થિત રહી જ્ઞાન પ્રાપ્ત કરશે.






મહામંડલેશ્વર કનકેશ્વરી માઁ એ છેલ્લે સંદેશ આપતા જણાવ્યું હતું કે સંસ્કૃત ભાષા આપણા માટે અનિવાર્ય છે. હકીકતમાં આવશ્યક નહિ પરંતુ અનિવાર્ય છે કેમકે સંસ્કુત ભાષા થકી આપણી સંસ્કૃતિ અને સંસ્કારની રક્ષા થશે અને સંસ્કૃતિ અને સંસ્કારની રક્ષા કરવામાં આવશે તો જ સનાતનની રક્ષા થશે. એટલા માટે સંસ્કૃત બેહદ જરૂરી છે.


# જામનગર જી.જી. હોસ્પિટલની આરોગ્ય સેવામાં ઉમેરો

## જી.જી. હોસ્પિટલ ખાતે હવેથી ન્યુરોસર્જન સુપર સ્પેશ્યાલીટીની સેવાઓ ફૂલ ટાઈમ મળી રહેશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જીલ્લાની એમ.પી. શાહ સરકારી મેડીકલ કોલેજ સંલગ્ન જી.જી. સરકારી હોસ્પિટલ ખાતે ન્યુરોસર્જન સુપર સ્પેશ્યાલીટીની સેવાઓ હાલ.ફૂલ ટાઈમ. ડો. તેજસ ચોટાઈનાં જોડાવવાથી શરુ થયેલ છે. તેઓ દર શુક્રવારે ઓપીડી અને મંગળવાર તથા ગુરુવારે ઓપરેશન કરશે. આ ઉપરાંત સંસ્થા ખાતે બે ન્યુરોસર્જન ડો. હર્ષ શાહ.દર બુધવારે. અને ડો. પવન વસોયા.દર સોમવારે.પણ સી.એમ.સેતુ અંતર્ગત સુપર સ્પેશ્યાલીટી સેવાઓ આપી રહ્યા છે. સી.એમ.સેતુ અંતર્ગત વિવિધ સુપર સ્પેશ્યાલીટી જેવી કે ડો. ધીરેન બુચ, યુરોલોજીસ્ટ.દર બુધવારે.ડો. કુશલ કપાસી.દર શુક્રવારે., ડો. અમિત સીતાપરા, પીડીયાટ્રીક સર્જન મહિનાના પ્રથમ શુક્રવારે. ડો. રૂચીર મેહતા, વીટ્રીઓ.રેટાઈનાં સ્પેશીયાલીસ્ટ.દર સોમવારે. ડો. ઝલક ઉપાધ્યાય, પીડીયાટ્રીક એન્ડોક્રાઈનોલોજીસ્ટ.દર મહિનાના પહેલા શુક્રવાર, ડો. શિવાની ભટ્ટ, મેડીકલ ઓન્કોલોજીસ્ટ.દર બુધવારેની સેવાઓ હાલ ઉપલબ્ધ છે.ન્યુરોસર્જરી સુપર સ્પેશ્યાલીસ્ટ તજજ્ઞ જોડાવવાનાં કારણે દર્દીઓને સારવારમાં ઘણો લાભ મળી શકશે આ ઉપરાંત પોસ્ટ ગ્રેજીયુએટ કોર્સ પણ અત્રે સુપર સ્પેશ્યાલીટી અંતર્ગત ચાલુ કરી શકાશે અને આ સિવાયની બીજી ૪ સુપર સ્પેશ્યાલીટીનાં કોર્ષ શરુ કરવા માટેની દરખાસ્ત પણ રાજ્યકક્ષાએ પણ કરવામાં આવેલી છે. તેમજ મંજુર થયેલ સુપર સ્પેશ્યાલીટી બિલ્ડીંગ બનતા તેમાં વધુ સારી સુવિધાઓ અને હાલ કરતા પણ વધુ સુપર સ્પેશ્યાલીટી વિભાગો ડેવલોપ કરી શકાશે.આ અંગે વધુમાં એમ.પી.શાહ મેડિકલ કોલેજના ડીન નંદિનીબેન દેસાઇએ જણાવ્યું હતું કે, જામનગર જિલ્લાના પદાધિકારીઓ અને અધિકારીની મહેનતના પરિણામે હોસ્પિટલમાં ફૂલ ટાઈમ ન્યુરોસર્જન સુપર સ્પેશ્યાલીટીની સેવાઓ ઉપલબ્ધ થઈ છે. જેના પરિણામે જામનગર સહિત દ્વારકા અને પોરબંદર જિલ્લામાં અકસ્માતનો ભોગ બનેલા દર્દીઓને અમદાવાદ સુધી દૂર નહિ જવું પડે અને તાત્કાલિક જીજી હોસ્પિટલ ખાતે સારવાર મળી રહેશે. ન્યૂરોસર્જરી ઉપરાંત સરકારમાં કાર્ડિયોલોજી, પ્લાસ્ટિક સર્જરી, નેફ્રોલોજી અને યુરોસર્જરીમાં ફૂલ ટાઈમ પ્રોફેસર ફાળવવા પણ વિનંતી કરવામાં આવી છે. ગત વર્ષે ૫૫૦ કરોડના ખર્ચે હોસ્પિટલના અદ્યતન ઇન્ફ્રાસ્ટ્રકચરને મંજૂરી મળી છે જેમાં સુપર સ્પેશિયાલિટી બ્લોકનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેના પરિણામે સૌરાષ્ટ્ર રિજીયનને સુપર સ્પેશિયાલિટી સેવાઓ આપી શકાશે.





# શિયાળાની કાતિલ ઠંડીમાં સેવાની હૂંફ પ્રસરાવતા વિરાણી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ


(તસ્વીરઃ આનંદ જાવિયા)

**વિરાણી હાઈસ્કૂલનાં વિદ્યાથીઓએ એક અલગ અંદાજમાં ૩૧ ડિસેમ્બરની માનવીય અભિગમ સાથે ઉજવણી કરી હતી. જેમાં પસેવાની હૂંફ અંતર્ગત સ્કૂલના ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ પોતાના ઘરેથી તેમજ આસપાસના વિસ્તારમાંથી સારા, પહેરવાલાયક વસ્ત્રો એકઠા કર્યા હતા જેમાં સ્વેટર, જેકેટ, ટોપી, મફલર, સાલ, ધાબળા જેવા ગરમ વસ્ત્રો તથા અન્ય વસ્ત્રો જેવા કે પેન્ટ, શર્ટ, સાડી, ડ્રેસનો સમાવેશ થાય છે. આ વસ્ત્રો BAPS - રાજકોટના સહયોગથી રાજકોટ શહેરની ઝૂપડપટ્ટી જેવી કે લક્ષ્મીનગર, રૈયાધાર, લોહાનગર, આજીડેમ, જંકશન, માધાપર, માર્કેટીગ યાર્ડ, ૮૦ ફૂટ રોડ, મોરબી રોડ વગેરેમાં જરૂરિયાત મંદ લોકોને અર્પણ કરવામાં આવશે. આજે યુવાધન પશ્વિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરી ડાન્સ, ડાઈન અને વાઈન પાછળ મબલખ ખર્ચ કરે છે ત્યારે વિરાણી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓનું સામાજિક સેવાનું આ કાર્ય તેમના માટે પ્રેરણારૂપ છે.**

# અમદાવાદ–ઓખા સ્પેશિયલ ટ્રેનના ફેરાનું વિસ્તૃતિકરણ

**મુખ્યં સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા માટે અમદાવાદ-ઓખા સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન ના ફેરા ૧૫-૦૧-૨૦૨૪ સુધી ખાસ ભાડું લઇને વિસ્તૃતિકરણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વિગત નીચે મુજબ છે :

૧. ટ્રેન નંબર ૦૯૪૩૫ અમદાવાદ-ઓખા સાપ્તાહિત સ્પેશિયલ પહેલા ૩૦-૧૨-૨૦૨૩ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી તેને હવે ૧૫-૦૧-૨૦૨૪ સુધી લંભાવવામાં આવી છે.

૨. ટ્રેન નંબર ૦૯૪૩૬ ઓખા-અમદાવાદ સાપ્તાહિક સ્પેશિય જે પહેલાં ૩૧-૧૨-૨૦૨૩ સુધી અધિસૂચિત કરવામાં આવી હતી, તેને હવે ૧૬-૦૧-૨૦૨૪ સુધી લંભાવવામાં આવી છે.

ટ્રેન નંબર ૦૯૪૩૫ અને ૦૯૪૩૬ ના વિસ્તૃત ફેરાઓનું બુકિંગ ૩૦-૧૨-૨૦૨૩ થી તમામ પીઆરએસ કાઉન્ટર્સ અને આઇઆરસીટીસી વેબસાઇટ પર થશે. ટ્રેનોના રોકાણનો સમય અને સંરચના અંગેની વિગતવાર જાણકારી માટે અહીં આપેલી વેબસાઇટ www.enquiry.indianrail.gov.in પર જઇને તપાસ કરી શકો છો.

# લોટસ ઈવેન્ટ દ્વારા નીલ દા ધાબામાં કરાયું થર્ટી ફર્સ્ટની ભવ્ય પાર્ટીનું આયોજન

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રંગીલા રાજકોટવાસીઓ વર્ષ ૨૦૨૩ને વિદાય આપવા અને વર્ષ ૨૦૨૪ને વેલકમ કરવા થનગની રહ્યા છે. ત્યારે રાજકોટની પ્રખ્યાત લોટસ ઈવેન્ટ કંપની દ્વારા ૩૧મી ડિસેમ્બરે ડિનર વિથ ડાન્સ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું છે.શહેરના એરપોર્ટ રોડ પર આવેલા નીલ દા ધાબા હોટલના વિશાળ ગ્રાઉન્ડમાં પારિવારિક માહોલમાં પાર્ટી યોજવામાં આવી છે.જેમાં જાણીતા ડીજે આકાશ ડીજેના અનોખા સુર તાલે યુવાધનને ડાન્સ કરવા મજબુર કરશે.

આ થર્ટી ફર્સ્ટની પાર્ટીમાં આવનારાઓને ડીજે સાથે વિવિધ ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત નવા વર્ષને વધાવવા ફાયર અને ક્રેકર શો, બલુન શો વગેરેનું પણ આયોજન કરવામાં આવ્યું છે.પાર્ટી સ્થાને ખાસ સેલ્ફી ઝોન પણ બનાવવામાં આવ્યો છે. ઉપરાંત પાસ ધારકોને નીલ દા ધાબા હોટલ રેસ્ટોરન્ટનું ડીનર અનલિમિટેડ આપવામાં આવનારું છે. ૩૧મી ડિસેમ્બરની સાંજે ૭ વાગ્યાથી પ્રારંભ થનારી આ પાર્ટી અંગે માહિતી આપવા લોટસ ઈવેન્ટ કંપનીના સંચાલિકા મીનાક્ષી સાગર, અનિતા સોની સહિતના અન્ય આયોજકો સાથે મુખ્ય સમાચાર કાર્યાલયની મુલાકાત લઈને વિગતો આપી હતી.

મીનાક્ષી સાગરે જણાવ્યું હતું કે તેમની કંપની લોટસ ઈવેન્ટ દ્વારા રાજકોટમાં છેલ્લા પાંચ વર્ષથી વિવિધ તહેવારો પર ઈવેન્ટનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે. નવરાત્રિ પર દાંડીયા હોય કે ધુળેટી પર રંગ ભરશે પાર્ટી લોટસ ઈવેન્ટ સંપૂર્ણ પારિવારિક માહોલમાં ચુસ્ત સિક્યુરિટી સાથે આવી

ઈવેન્ટનું આયોજન કરતુ આવ્યું છે અને આગામી સમયમાં પણ વિવિધ ઈવેન્ટોનું આયોજન કરતું રહેશે.આ પાર્ટીના પાસ મેળવવા માટે મો.નં. ૯૦૫૪૦૫૫૩૧૪ અને ૭૭૭૮૦૪૮૪૯૭ પર સંપર્ક કરવા જણાવ્યું હતું.

# જામનગર નજીકના ચંગા પાટિયા પાસે રીક્ષા કેનાલમાં ખાબકી

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર નજીકના ચંગા પાટિયા પાસે પી.એન. માર્ગ પર સસોઈ ડેમની આગળ કેનાલમાં અકસ્માતે રિક્ષા પલ્ટી મારી જતાં તેમાં બેસેલા ૮ જેટલા લોકોને સામાન્ય ઈજાઓ પહોંચતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ડ્રાઈવરે સ્ટીયરીંગ પરથી કાબુ ગૂમાવતા અકસ્માત થયો હોવાનું જાણવા મળે છે. સ્થાનિક લોકોએ ઘાયલોની મદદ કરી હતી. બનાવ અંગે પોલીસે પણ તપાસ હાથ ધરી છે.

## ખેલશે ગુજરાત – જીતશે ગુજરાત

# રાજ્યકક્ષાની ચતુર્થ 'ઓસમ આરોહણ – અવરોહણ' સ્પર્ધામાં પૂરા જોશ અને ઉત્સાહ સાથે ખેલદિલી બતાવતા 300 યુવા સ્પર્ધકો

## ૧૦.૦૮ મિનિટ સાથે પિયુષ બારૈયા અને ૧૨.૩૭ મિનીટ સાથે બહેનોમાં ટિશા બાવળીયા પ્રથમ ક્રમાંકે વિજેતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રકૃતિના ખોળે શિયાળાની ફૂલગુલાબી ઠંડીમાં વહેલી સવારમાં પૂરા જોશ, ઉમંગ અને ઉત્સાહ સાથે નસ્ત્રચતુર્થ ઓસમ આરોહણ - અવરોહણ સ્પર્ધાસ્ત્રસ્ત્રનો ધારાસભ્યશ્રી ડો. મહેન્દ્રભાઈ પાડલીયા દ્વારા ઓસમ ડુંગર તળેટી, પાટણવાવ ખાતેથી ફ્લેગ ઓફ આપીને શુભારંભ કરવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં ભાઈઓ અને બહેનો મળીને ૩૦૦ સ્પર્ધકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ખેલદિલી સાથે ભાગ લીધો હતો.

આ ઓસમ આરોહણ સ્પર્ધામાં ભાઈઓમાં ૧૦.૦૮ મિનિટ સાથે પિયુષ બારૈયા, દ્વિતીય ક્રમાંકે ૧૦.૧૯ મિનિટ સાથે ડાભી રણછોડ અને તૃતીય ક્રમાંકે ૧૦.૨૧ મિનિટ સાથે વિહાર મારવાણિયા તેમજ બહેનોમાં ૧૨.૩૭ મિનિટ સાથે





પ્રથમ ક્રમાંકે ટીશા બાવળીયા, દ્વિતીય ક્રમાંકે ૧૨.૫૦ મિનિટ સાથે રવિના લાઠીયા અને તૃતીય ક્રમાંકે ૧૨.૫૫ મિનિટ સાથે શિલ્પા બારૈયા વિજેતા થયા હતા.


આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી પ્રવિણાબેન રંગાણીએ પ્રોત્સાહક ઉદબોધન કરી સ્પર્ધામાં ભાગ લીધેલા સ્પર્ધકોને પ્રોત્સાહન આપી વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

ગુજરાત સરકારશ્રીના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવુતિઓ વિભાગ - ગાંધીનગર અને રાજકોટ જિલ્લા વહીવટી તંત્રના ઉપક્રમે નસ્ત્રચતુર્થ ઓસમ આરોહણ - અવરોહણ સ્પર્ધાસ્ત્રસ્ત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાતના રાજકોટ, જુનાગઢ, ગીર-સોમનાથ, મોરબી, સુરેન્દ્રનગર, ભાવનગર, બોટાદ, જામનગર એમ કુલ ૮ જિલ્લામાંથી ૧૪ થી ૧૮ વર્ષના ૧૭૩ ભાઈઓ તથા ૧૨૭ બહેનો સહિત ૩૦૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં સ્પર્ધકોએ ઓસમ ડુંગર ઉપર આવેલાં માત્રી માતાના મંદિરથી ટપકેશ્વર મહાદેવ થઈ તળેટીએ પરત પહોંચવાનું હતું.

સંપૂર્ણ ખેલદિલી સાથે સ્પર્ધામાં જોડાયેલ ખેલાડીઓને ચેસ્ટ નંબર આપવાથી માંડી સેકન્ડ ટુ સેકન્ડ સમય સાથે પોલીસ વિભાગમાં ભરતી માટે ઉપયોગમાં લેવાતી આધુનિક ટેકનોલોજીની મદદથી રેડિયો ફ્રિકવન્સી આઈડેન્ટીફિકેશન (છઋઈઉ) ચીપ સીસ્ટમ સાથે સ્પર્ધાનું પરિણામ તૈયાર કરવામાં આવ્યું હતું. તેમજ સ્પોટ્‌ર્સ ઓથોરીટી ઓફ ગુજરાત કોચિંગ મેન્યુઅલ ટાઈમિંગની પણ મદદ લેવામાં આવી હતી. ખેલાડીઓની સુરક્ષા માટે સી.સી.ટી.વી. કેમેરાથી સ્પર્ધાનું સુપરવિઝન કરવામાં આવ્યુ હતું. સ્પર્ધાના સુચારૂ આયોજન તથા સ્પર્ધકોનો ઉત્સાહ વધારવા માટે શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકો, વ્યાયામ શિક્ષકો, કોચ, સ્વયંસેવકો, વિદ્યાર્થીઓ, ગ્રામજનો જોડાયા હતા.

# શ્રધ્ધા અને વિશ્વાસ રાખીને ભક્તિમાર્ગમાં ચાલીએ તે જીવનની સાર્થકતા : પ્રેમસ્વરૂપ સ્વામીજી

## પ્રેમસ્વરૂપ સ્વામીના ૭૯મા જન્મદિને હરિધામમાં આત્મીય યુવા પર્વની ભવ્ય–દિવ્ય ઉજવણી







**મુખ્ય સમાચાર, રાજકોટ**

હરિધામ સોખડાના વર્તમાન અધિષ્ઠાતા પરમ પૂજ્ય પ્રેમસ્વરૂપ સ્વામીજીના ૭૯ મા જન્મદિનની હરિધામ સોખડા ખાતે 'આત્મીય યુવા પર્વ' દ્વારા ભક્તિભાવસભર ઉજવણી કરવામાં આવી હતી. આ યુવા પર્વમાં દેશવિદેશના એક લાખથી વધુ યુવાનો ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે આશીર્વચન આપતાં પરમ પૂજ્ય પ્રેમસ્વરૂપ સ્વામીજીએ કહ્યું હતું કે, હૃદયમાં શાંતિ કરવી હોય, ખરેખર સુખી થવું હોય તો ભગવાન સ્વામિનારાયણનાં અને આપણા પ્રાણાધાર હરિપ્રસાદ સ્વામીજીનાં અનુપમ જીવનમાં ડૂબવું પડશે. ભગવાનના સંબંધવાળા પાસે આપણે કાંઇ નથી એવું માનીને જીવવું પડશે. દાસત્વની યાત્રા પર ચાલવું પડશે. કોઈનો સ્વભાવ જોવો નથી. કોઈનો અભાવ લેવો નથી. સ્વામીજી સહુનો મહિમા સમજતા એવો મહિમા આપણે સમજવો છે. ભગવાનનો નિશ્ચય ભગવાન થકી થાય. સ્વામીજી જે પરાવાણી બોલીને ગયા છે એ આપણાં જીવનમાં સાકાર થવાની છે. જે સાકાર થાય એવું જ હમેશા બોલ્યા છે.

આ પ્રસંગે પ્રેમસ્વરૂપ સ્વામીજીએ અયોધ્યામાં ભગવાન શ્રી રામના મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવને સાચી દિવાળી ગણાવીને સહુને ઉમંગભેર ઉજવણી કરવા આહવાન કર્યું હતું. તેઓશ્રીએ ઉમેર્યું હતું કે, વર્ષોથી ચાલી રહેલા સંઘર્ષનો સુખદ ઉકેલ આવ્યો અને આપણાં જીવનકાળમાં ભગવાન શ્રી રામચંદ્રદેવ અયોધ્યામાં પ્રતિષ્ઠિત થાય તે દર્શન કરવાંનું સૌભાગ્ય આપણને મળશે તે બહુ મોટી વાત છે. કરોડો હિન્દુઓની હૃદયની અભિલાષાને સાકાર કરવામાં નિમિત્ત બનનાર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીને તેઓશ્રીએ ધન્યવાદના સાચા અધિકારી ગણાવ્યા હતા.

પ્રેમસ્વરૂપ સ્વામીજીએ દેશમાં રામરાજ્ય સ્થપાય તે દિશામાં આગળ વધવા પર ભાર મુકતાં કહ્યું હતું કે, આત્મીયતા એ રામરાજ્ય તરફનું પહેલું કદમ છે. બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદ સ્વામીજી મહારાજની જીવનભાવના નકોઈ આત્મીય બને કે ન બને મારે આત્મીય બનવું છે!થ આત્મસાત કરીશું તો પરિવારમાં, સમાજમાં અને રાષ્ટ્રમાં સાચું રામરાજ્ય પ્રગટશે.

સિધ્ધગિરિ મહાસંસ્થાન, કનેરીના મઠાધિપતિ પરમ પૂજ્ય અદ્રશ્ય સ્વામી સિધ્ધેશ્વરજી મહારાજે આત્મીય યુવા પર્વને ભારતમાતાના ભાલમાં તિલકસમું ગણાવ્યું હતું. તેમણે યુવાનોને પર્યાવરણની રક્ષા કરવા કટિબધ્ધ થવા આહવાન કર્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, જીવનમાં પ્રગતિ માટે ગુરુનું શરણ અને પ્રભુનાં ચરણ હોવાં જોઈએ. એ ચરણના પ્રભાવથી જીવનની દરેક સફર યાત્રા બને છે અને દરેક કર્મ પૂજા બની રહે છે. સમાજમાં સંસ્કારોની ઉણપ ન સર્જાય તે માટે સંતો પરિશ્રમ કરે છે અને એ પરિશ્રમની અભિવ્યક્તિ આવા દિવ્ય મહોત્સવોના માધ્યમથી થતી હોય છે. તેમણે યુવાનોને વ્યકિતગત અને સામુદાયિક પ્રગતિ માટે પરિશ્રમ સાથે જ્ઞાન અને વિજ્ઞાન આત્મસાત કરવાનો અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત ગુજરાતના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ કહ્યું હતું કે, ભગવાનના ધારક સત્પુરુષો સાથે જોડાયેલા ઉત્સવો સમાજમાં સકારાત્મક આંદોલનો જગાવે છે. હરિપ્રસાદ સ્વામીજી મહારાજે યુવાવર્ગમાં આવાં આંદોલનો જગાવીને સમાજને નુતન ઉર્જા બક્ષી છે. આજે એ જ પરંપરા પ્રેમસ્વરૂપ સ્વામીજી મહારાજ આગળ વધારી રહ્યા છે. તેનો આનંદ છે. હરિધામની આ તીર્થભૂમિ હરિપ્રસાદ સ્વામીજી અને તેમની સાથે પ્રેમસ્વરૂપ સ્વામીજીની તપશ્ચર્યાની ભૂમિ છે. અહીંની એકએક રજ પવિત્ર છે. આ યુવા પર્વની સકારાત્મક ઉર્જા દિગંતમાં પ્રસરશે અને સમાજને સંસ્કારસમૃધ્ધ કરશે એવી શ્રધ્ધા જાગે છે.

બજરંગ દળના રાષ્ટ્રીય સંયોજક શ્રી નીરજ ડોનેરીયા આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે શ્રી રામમંદિર નિર્માણના સંઘર્ષની ઝાંખી કરાવવાની સાથે સંસ્કૃતિને બચાવવામાં યુવાનોની ભૂમિકા પર પ્રકાશ પાડયો હતો. તેમણે આત્મીય યુવા પર્વને સંસ્કૃતિનું શુકન ગણાવ્યું હતું.

આત્મીય યુનિવર્સિટીના કુલપતિ ડો. શિવ ત્રિપાઠી, પૂજ્ય શ્રુતિપ્રકાશ સ્વામી અને હેમંત વસાવાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં હતાં.

આ મહોત્સવમાં પૂજ્ય નિર્મળ સ્વામી, પૂજ્ય સંતવલ્લભ સ્વામી, મણિનગર ગાદી સંસ્થાનના સંતો, સ્વામિનારાયણ મંદિર કુમકુમના સંતો, પૂજ્ય દિનકરભાઈ, પૂજ્ય ભરતભાઇ, ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક બાળુભાઈ શુક્લ, નાયબ દંડક જગદીશભાઇ મકવાણા, ધારાસભ્યો યોગેશભાઈ પટેલ, ચૈતન્યભાઈ દેસાઇ, શૈલેશભાઈ સોટ્ટા, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, કેતનભાઈ ઇનામદાર, ચૈતન્યસિંહ ઝાલા, અક્ષયભાઈ પટેલ, ડી. કે. સ્વામી, પૂર્વ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, વિશ્વ હિન્દુ પરિષદના અશોકભાઇ રાવલ સહિત વિવિધ ક્ષેત્રના આગેવાનો ઉપરાંત ઉપરાંત યુ. એસ., કેનેડા, ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા સહિતના દેશો તેમજ ભારતના વિવિધ રાજ્યોમાંથી મળીને એક લાખથી વધુ ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. સમારોહનું સંચાલન ગુણગ્રાહક સ્વામીએ કર્યું હતું.

# મનપાના ગ્રાઉન્ડ કો.ઓર્ડીનેટર મનોજભાઈ દવેનું આરએમસી યોગ સેન્ટર દ્વારા કરાયું સન્માન

રાજકોટ મહાનગરપાલિકામાં કલાકે કમ ગાઉન્ડ કો-ઓર્ડીનેટરની મહત્વની જવાબદારી સંભાળી રહેલાં કાર્યદક્ષ અને કર્મઠ મનોજભાઈ દવે આગામી તા.૩૧ ડિસેમ્બરના સેવા નિવૃત્ત થતા હોય તેના ભાગરૂપે રેસકોર્ષ મેદાનમાં ચાલતા આરએમસી યોગ સેન્ટરના સંચાલક મોનાબેન



ઠકકર અને દિવ્યાબેન આચાર્ય તથા ઉપસ્થિત યોગ સેન્ટરના સભ્યો દ્વારા પુષ્પગુચ્છ તથા શાલ ઓઢાડી યથાયોગ્ય સન્માન કરી મોનાબેન ઠકકર દ્વારા તેમણે આપેલી સેવાને બિરદાવવામાં આવી હતી. મનપાના રાજદીપભાઈ ઉપસ્થિત રહ્યા હતા તેમનું પણ મોનાબેન તથા દિવ્યાબેન દ્વારા પુષ્પગુચ્છ આપી સ્વાગત કરાયું હતું.

# જામનગરના ધાર્મિક સ્થાનોમાં અયોધ્યાથી આવેલા અક્ષત કળશનું આસ્થાભેર પૂજન

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર છોટીકાશી ગણાતા જામનગરમાં આવેલા વિવિધ ધર્મસ્થાનોમાં અયોધ્યા રામ જન્મભૂમિ મંદિર ખાતેથી આવેલા આમંત્રણ માટેના અક્ષત કળશનું ઠેર ઠેર પૂજન સ્વાગત થઈ રહ્યું છે. ૨૨ જાન્યુઆરી પહેલા જામનગરમાં રામમયી વાતાવરણ બની રહ્યું છે.જામનગરમાં પુષ્ટિમાર્ગીય મોટી હવેલી, આણદાબાવા સેવા સંસ્થા, બાલા હનુમાન સંકીર્તન મંદિર, સ્વામિનારાયણ મંદિર ઉપરાંત માનવ સેવા ઉત્થાન સમિતિ સહિતના ધર્મસ્થાનોમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા અયોધ્યાથી આવેલ ખાસ અક્ષત કળશની પધરામણી કરવામાં આવી હતી. આ અક્ષત કળશના આગમનને લઈને ધર્મસ્થાનોમાં પણ ભક્તો આસ્થાભેર પૂજન અર્ચન કરી અયોધ્યામાં રામ જન્મભૂમિ મંદિરમાં રામ ભગવાનની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠાને લઈને ભારે ઉત્સાહ અને આનંદોત્સવ ની લાગણી વ્યક્ત કરી રહ્યા છે.જામનગરના મોટી હવેલી ખાતે પૂ.પા. ગૌ વલ્લભરાયજી મહોદય, પૂ.પા. ગૌ પ્રેમાદ્રરાયજી દ્વારા અયોધ્યાથી આવેલા અક્ષત આમંત્રણને પૌરાણિક પદ્ધતિ ગણાવી તેનું મહત્વ સમજાવી વૈષ્ણવોને આગામી ૨૨ જાન્યુઆરીએ શ્રીરામ જન્મભૂમિ ખાતે ભગવાન રામની પ્રાણ પ્રતિષ્ઠાને લઈને જોડાવા આહવાન કર્યું હતું અને હવેલી ખાતે પણ આ મહોત્સવ દરમ્યાન લાઈવ-ટેલીકાસ્ટ પ્રસારણ કરી મહા આરતીનું આયોજન કરવા અંગે પણ વૈષ્ણવોને જોડાવા પ્રસ્તાવ રજૂ કર્યો છે. આ ઉપરાંત જામનગરના આણદાબાવા સેવા સંસ્થા ખાતે પણ પૂ. દેવપ્રસાદજી મહારાજે પણ અક્ષત કળશનું પૂજન કર્યું હતું. તો બીજી તરફ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા ખાતે પૂ. ધર્મનિધિ સ્વામી અને સંતો મહંતો દ્વારા ખાસ સભા યોજી આ અક્ષત કળશનું પૂજન કરવામાં આવ્યું હતું અને હરી ભક્તોને પણ અયોધ્યામાં ભગવાને રામની પ્રાણ પ્રતિષ્ઠા દરમિયાન ઘેર ઘેર દિવાળી ઉજવવા આહવાન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત બેડી ગેટ સ્વામિનારાયણ મંદિર ખાતે પણ પૂ. ચત્રભુજ સ્વામી દ્વારા મુખ્ય મંદિરમાં અક્ષત કળશની પધરાવી તેનું પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું. તો જામનગરના વિશ્વવિખ્યાત બાલા હનુમાનજી સંકીર્તન મંદિર ખાતે વિશ્વ હિન્દુ પરિષદના સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ભરતભાઈ મોદી, માતૃશક્તિ સહસંયોજિકા હીનાબેન અગ્રાવત, જામનગર વિભાગ અધ્યક્ષ ભરતભાઈ ડાંગરીયા, ઉપાધ્યક્ષ રમેશભાઈ તારપરા, ઉપાધ્યક્ષ પ્રફુલાબેન અગ્રાવત, મંત્રી હેમતસિંહ જાડેજા, સહમંત્રી અને ધર્મચાર્ય સંપર્ક સંયોજક સુરેશભાઈ ગોંડલીયા, પ્રચાર પ્રસાર સંયોજક કિંજલભાઈ કારસરીયા, વિશેષ સંપર્ક સંયોજક કલ્પેનભાઈ રાજાણી, બજરંગ દળ સહ સંયોજક ધ્રુમિલ લંબાટે, માતૃ શક્તિ સહસંયોજિકા ભાગીરથીબેન (ટીકુબેન) અજા, વર્ષાબેન નંદા, સ્વરૂપબા જાડેજા સહિતના અગ્રણીઓએ બાલાહનુમાનજી નિજ મંદિરમાં અયોધ્યાથી આવેલ અક્ષત અર્પણ કરી પૂજન અર્ચન કર્યું હતું. તો બીજી તરફ માનવ ઉત્થાન સમિતિ ખાતે સાધ્વી ભાવનાબાઈજી દ્વારા અક્ષત કળશ પૂજન કરવામાં આવ્યું હતું.જામનગરમાં ધર્મસ્થાનોમાં આગામી ૨૨ જાન્યુઆરી ૨૦૨૪ ના ભગવાન શ્રીરામની જન્મભૂમિ અયોધ્યામાં પ્રાણ પ્રતિષ્ઠાને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અયોધ્યાથી આવેલા અક્ષત કળશ અને આમંત્રણ ને લઈને અર્ચન પણ કરાઈ રહ્યું છે અને અયોધ્યાના આનંદોત્સવની ઉજવવા જામનગરમાં પણ ભારે થનગનાટ જોવા મળી રહ્યો છે.

# જામનગર પોલીસ ૩૧ ડિસેમ્બર પહેલા જ એક્શાન મોડમાં: દારૂના ધંધાર્થીઓ પર તવાઈ





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં થર્ટી ફર્સ્ટ નજીક આવી રહી છે. ત્યારે નવા વર્ષની ઠેર-ઠેર ઉજવણી થશે. જેના ભાગરૂપે જામનગર પોલીસ દ્વારા આવારા તત્વો અને પીધેલીયાઓ સામે લાલ આંખ કરી કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુની સુચના થી સિટી-એ. ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.આઈ. નિકુંજસિંહ ચાવડાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોર્ડના પી.એસ.આઈ. ભગીરથસિંહ વાળા સહિત સ્ટાફ દ્વારા પવનચક્કી સર્કલ નજીક ડ્રિન્ક એન્ડ ડ્રાઇવ તેમજ વાહનોમાં બ્લેક કાચ, ગાડીઓના કાગળો સહિતનું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.જેમાં ટ્રાફિક નિયમનનો ભંગ કરનારા વાહન ચાલકો સામે દંડકીય કાર્યવાહી કરવામાં આવી હતી. આ ચેકિંગની કાર્યવાહી ૩૧ ડિસેમ્બર સુધી અવીરત ચાલુ રાખવામાં આવશે.

# ટ્રાન્સપોર્ટ પેઢીના ડ્રાઈવર પાસેથી રૂા.૮૬ હજારની સોપારીની ડીલીવરી લઈને શખ્સો ફરાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ટ્રાન્સપોર્ટ પેઢીમાં કામ કરતા ડ્રાઈવર સોપારીની ડિલીવરી કરવા ગયો ત્યારે બે શખ્સોએ વાહન માંથી રૂ.૮૬ હજારની સોપારીની ચાર બોરી ઉતારી લઈ રસ્તામાં ગાડી ઉભી રખાવી બાથરૂમ કરવાનું બહાનું કાઢી ભાગી જતાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ ભગવતીપરામાં વિનોબાભાવે ટાઉનશીપમાં રહેતાં અને બાપુનગરમાં આવેલા એસ.કે. ટ્રાન્સપોર્ટ નામની પેઢીમાં ડ્રાઈવર તરીકે નોકરી કરતાં જાહીદ મુસાભાઈ ચૌહાણ (ઉ.૪૫)એ ગાંધીગ્રામ પોલીસ મથકમાં બે શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમના ટ્રાન્સપોર્ટમાં સુરતથી સોપારીનો માલ આવેલ હોય જે સોપારી તેમના મેતાજીએ તેમને ડિલીવરી કરવા માટે માધાપર ચોકડી પાસે જવાનું કહી ડિલીવરી જેને આપવાની હતી તેનો નંબર આપેલો હતો. જેથી તે ગાડી લઈ માધાપર ચોકડી પાસે ગયો હતો અને ત્યાંથી જે નંબર આપેલો તેમાં ફોન કરતાં તેને જામનગર રોડ પર નાગેશ્વર પાસે આવેલા કોમ્પલેક્ષમાં તેનો માણસ બ્લુ શર્ટ પહેરી ઉભો હોય તેને માલ ડિલીવર કરવાનું કહ્યું હતું.

જેથી ફરિયાદી ત્યાં જતાં બ્લુ કલરનો શર્ટ પહેરેલો શખ્સ ત્યાં ઉભો હોય તેણે ગાડીમાંથી સોપારીની ચાર બોરી કોમ્પલેક્ષમાં ઉતરાવી હતી અને બે બોરી રામાપીર ચોકડી પાસે ઓફિસે ઉતારવાની છે જ્યાંથી તેમને પેમેન્ટ મળી જશે તેમ કહ્યા બાદ તે શખ્સ ગાડીમાં સાથે બેસી ગયો હતો. ત્યારબાદ જામનગર રોડ પર યુનિકેર હોસ્પિટલ પાસે પહોંચતા તે શખ્સે ચા પાણી પીવાનું કહી ગાડી ઉભી રખાવી હતી અને હું બાથરૂમ જતો આવું તેમ કહી તે શખ્સ ગયા બાદ લાંબો સમય થવા જતાં પરત ન આવતાં ફરિયાદીએ શોધખોળ કરી હતી. પરંતુ તે શખ્સ રફફુચક્કર થઈ ગયો હતો. ટ્રાન્સપોર્ટમાં આવેલી સોપારીના પૈસા પણ તે શખ્સ પાસેથી લેવાના બાકી હોય જેથી તેમણે તેના મેતાજીને ફોન કરી જાણ કરી હતી અને જે સ્થળે ચાર બોરી ઉતારી હતી ત્યાં જતાં ઉતારેલી સોપારી પણ જોવા મળી ન હતી. જેથી તેમની સાથે છેતરપીંડી થયાનું જણાતા તેઓ પોલીસ મથકે દોડી ગયા હતાં. આ અંગે પોલીસે ફોનધારક અને તેના માણસ વિરુધ્ધ કાવતરું રચી છેતરપીંડી આચર્યાની ફરિયાદ નોંધી પીએસઆઈ એન.વી.હરિયાણીએ વધુ તપાસ હાથ ધરી છે.

# રૂા.૭૩ લાખના નશાયુકત શીરપ પ્રકરણમાં ભાજપ અગ્રણી રેલનગરમાંથી ઝડપાયો

## શાપર–વેરાવળ અને રાજકોટમાં ઝડપાયેલ નશાયુક્ત શીરપના બે ગુનામાં ભાજપ અગ્રણીબંધુ ભૂગર્ભમાં ઉતરી ગયા'તાઃ પ્ર.નગર પોલીસે દબોચી લીધા

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટ સહીત રાજ્યભરમાં નશાકારક સીરપ વેચવાના મસમોટા કૌભાંડમાં પાંચ મહિનાથી નાસતા ફરતા રાજકોટ ભાજપ અગ્રણીને અંતે પોલીસે દબોચી લીધો છે શાપરમાં ગોડાઉન ભાડે રાખી હોલસેલ વેચાણ કરવા અંગે તેમજ રાજકોટ ડીસીબીમાં ૭૩ લાખની સીરપ પકડાવવા મામલે બે ગુના નોંધાયા બાદ ભૂગર્ભમાં ઉતરી ગયો હોય જેને પ્રનગર પોલીસે દબોચી લીધો હતો.

રાજકોટના શાપર પોલીસ મથકમાં ગત તારીખ ૮ જુલાઈના રોજ આયુર્વેદિક પીણાના નામે નશાકારક સીરપ બનાવવા માટે ગોડાઉન ભાડે રાખ્યું હોય જે અંગે શાપરમાં રાજકોટ ભાજપ અગ્રણી બંધુ રૂપેશ નટુભાઈ ડોડીયા, ધર્મેશ નટુભાઈ ડોડીયા, મનીષ ગીરીશભાઈ પાઉં, સલીમ બચુભાઈ કાણીયા, કલ્યાણપુરના મહેશ સોમાભાઈ રોશિયા અને ગોંડલના અશરફ મીર સામે છેતરપીંડીની ફરિયાદ નોંધાઈ હતી જયારે ડીસીબી પીઆઈ બી તો ગોહિલ અને ટીમે બાતમી આધારે ૩ જુલાઈના રોજ નાગરિક બેંક ચોક અને હુડકો ચોકડી પાસેથી નશાકારક સીરપ ભરેલા ૫ આઈસર ઝડપી પાડયા હતા જેમાં ૭૩,૨૭,૫૦૦ની ૭૩,૨૭૫ નશીલી બોટલ સહીત ૧,૧૬,૨૬,૯૦૦નો મુદામાલ કબજે કરી ઉપરોકત ભાજપ અગ્રણી બંધુ તેમજ મેહુલ અરવિંદ જસાણી, ભાવનગરના લખધીરસિહ કાળુભા જાડેજા, અશોક ગગજીભાઇ ચૌહાણ અને જયરામભાઈ અમરશીભાઈ ખેરડીયા સામે ગત ૧ ઓગષ્ટના ડીસીબી પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. ઉપરોકત ગુનામાં નાસતા ફરતા આરોપીઓને દબોચી લેવાની સુચના અન્વયે પ્રનગર પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો એએસઆઈ સી એમ ચાવડા અને અનોપસિંહ ઝાલાને મળેલી બાતમી આધારે રેલનગરમાં વોચ ગોઠવી હતી દરમિયાન દરમીયાન ઉપરોક્ત બંને ગુનામાં ૫ માસથી વોન્ટેડ સ્વામીનારાયણ નગરમાં રહેતા ભાજપ અગ્રણી ધર્મેશ નટુભાઈ ડોડીયા ઉ.૪૦ પસાર થતા તેને દબોચી લીધો હતો.

# જૂનાગઢ અને બનાસકાંઠામાંથી ચોરાઉ સીંગદાણા વેચવા રાજકોટ આવતા વેપારી સહિત ચાર ઝડપાયા

## ક્રાઈમ બ્રાંચની ટીમે ટ્રક, કાર સહિત રૂા.૩૬.૭૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



બનાસકાંઠા અને જુનાગઢ માંથી ચોરાઉ સીંગ દાણા રાજકોટમાં વેચવા આવેલા ચાર શખ્સોને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડી ૩૬.૭૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે

ટ્રક નંબર જી.જે.-૧૨ એ.યુ. ૬૬૩૯ સાથે ચાલક જૂનાગઢ ના નયનકુમાર નાથાભાઈ મિયાત્રા,જીટીપીએલ કેબલ તથા કેટલ ફીડનો વેપારી હિંમતનગરના નાજીમખાન કોદરખાન પઠાણ, કમિશન એજન્ટ તરીકે કામ કરતા મકસુદભાઈ અબ્બાસભાઈ મન્સુરી, સ્ક્રેપનો ધંધાર્થી અયુબખાન સરીફખાન પઠાણની ધરપકડ કરી હતી.

આ ટોળકી હિંમતનગર થી રાજકોટ ખાતે છેતરપીં ડીથી મેળવેલ સીં ગદાણા ટ્રકમાં ભરી વેચવા માટે આવેલ છે. આ હકિકત આધારે હકિકત વાળો ટ્રક તથા ટ્રક સાથે આવેલ ફોર વ્હીલને રાજકોટ થી મોરબી હાઈવે રોડ પર રાઉન્ડઅપ કરી પુછપરછ કરતા સીંગદાણા છેતરપીંડીથી ભરીને બચવા આવેલ હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે રૂા.૩૬.૭૮ લાખ નો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ઊનામાં બાઈક ચોરી કરનાર તસ્કર ઝડપાયો

**મુખ્ય સમાચાર, ઊના**





ઉના બસ સ્ટેશન પાસેથી અગાઉ બાઈક ચોરી કરનારને લામધાર ગામના પાટિયા પાસેથી બાઈક ચોરને બાઈક મુદામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ હતી.

આ અંગેની માહિતી મુજબ ઉના પંથકમાં ચોરીના ગુન્હાઓ ડીટેક્ટ કરવા સખત સુચના હેઠળ ઉના પી.આઈ.એન. કે. ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ ઉના પો.સ્ટેમાં ચોરીના ગુન્હાઓ ડીટેક્ટ કરવા સુચના મળેલ જે અનુસંધાને પી એસ આઈ સી.બી.જાડેજા, ધમેન્દ્રસિહ માનસિહ પરમાર, પ્રદિપસિહ હરિસિંહ રાયજાદા, ભાવેશભાઈ કરશનભાઈ ખસીયા, રાહુલભાઈ એ રીતેના પો. સ્ટાફ ઉના પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન સંયુક્ત બાતમી આધારે ઉના વેરાવળ રોડ પર આવેલ લામધાર ગામના પાટીયા પાસેથી આરોપી વિપુલ મંગળભાઈ ખોડાભાઈ રહેવાસી એ૨૦૨ ઉર્વશી ફ્લેટ હીરાવાડી રોડ, સ્વામીનારાયણ મંદિરની બાજુમા બાપુનગર અમદાવાદ શહેર મુળ રહેવાસી ગામ ઉગલવાણ તા. જેસર જી. ભાવનગર વાળાની પુછપરછ કરતા શખ્સે ઉના બસ સ્ટેશન પાસેથી કાળા કલરની સ્પેન્ડર રજી.નં. જીજી-૧૧બી. ડી.-૬૭૨૯ના મુદ્દામાલ સાથે આરોપીને પકડી પાડી મો.સા. બાબતે પોકેટ ક્રોપ મોબાઈલ, હ્યુમનસોર્સ ટેકનોલોજી તથા અધતન ટેકનોલોજી આધારે ઉના પોલીસે આગળની કાયદેસરની કાર્યવાહી કરી હાથ ધરેલ છે.

# ચિતલની સબ પોસ્ટ ઓફિસમાં તસ્કરોના પરોણાઃ રૂા.૩૪ હજારની ચોરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**



ચિતલ સબ પોસ્ટ ઓફિસના પોસ્ટ માસ્તર મુકેશ યુ. જોષીએ પોલીસમાં નોંધાવેલ ફરીયાદ મુજબ તા.૨૯ને શુક્રવારે પોસ્ટ ઓફિસના પટ્ટાવાળાએ ઓફિસ ખોલતા તિજોરી તુટેલી જોઈ પટ્ટાવાળાએ તાત્કાલીક માસ્તરને જાણ કરતાં તેઓ તાત્કાલીક ઓફિસે પહોંચી તેના ઉચ્ચ અધિકારી અને ચિતલ ઓ.પી. જમાદાર જયરાજભાઈને જાણ કરી હતી. માસ્તરે વધુમાં જણાવ્યું કે ગત રાત્રીના તિજોરીમાં મુકેલા રૂા.૩૪૧૬૦ની રકમ ચોરી થઈ હોવાનું જેથી તાલુકા પી.એસ.આઈ. સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. સમગ્ર મામલે કોઈ જાણભેદુ રેકી કરી પોસ્ટ ઓફિસના પાછળના ભાગની બારી તોડી અંદર પ્રવેશી ગેસ ગટરથી તિજોરી તોડી ઘટનાને અંજામ આપ્યો હોય તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. અને પોસ્ટની બહારના કે અંદરના ભાગે સીસીટીવી ન લાગેલા હોવાથી કોઈ ઓળખાઈ શક્યા નથી. સમગ્ર બનાવ અંગે તાલુકા પી.એસ. આઈ. લક્કડે ચોરીનો ભેદ ઉકેલવા તપાસ હાથ ધરી છે.

# થર્ટી ફર્સ્ટ નિમિત્તે જિલ્લામાં આઠ સ્થળની ચેક પોસ્ટ પર રાઉન્ડ ધ કલોક રૂરલ પોલીસનું ચેકીંગ

## દારૂની મહેફીલ અંગે જિલ્લા પોલીસને જાણ કરવા એસપીનો અનુરોધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**




રાજકોટ જિલ્લામાં ૩૧મી ડીસેમ્બરના અનુસંધાને પોલીસ દ્વારા એક્શન પ્લાન બનાવી બંદોબસ્ત માટે તમામ સ્ટાફને જિલ્લામાં કોઈ પણ સ્થળે તેમજ ફાર્મ હાઉસમાં, હોટલો, ગેસ્ટહાઉસમાં દેશી, વિદેશી દારૂની મહેફીલો ઉપર તૂટી પડવા આદેશ આપ્યા છે. રાજકોટ ગ્રામ્યની જિલ્લામાં કુલ-૨૫ શી- ટીમોને જવાબદારી સોંપાઈ છે. તેમજ જિલ્લામાં કુલ ૮ જગ્યાએ ચેક પોસ્ટ શરૂ કરી તેની ઉપર રાઉન્ડ ધ કલોક પોલીસ સ્ટાફ ફરજ તૈનાત રહેશે અને ચેકિંગ કરવા સૂચના કરવામાં આવેલ છે. તેમજ બીજા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે ઉદેશ થી દુર પોલીસ અધિકારીઓ સાથે ૧૦૮૦ પોલીસ કર્મચારી તથા હોમગાર્ડ-જી. આર.ડી.ના જવાનો પણ આ બંદોબસ્તમાં પોતાની ફરજ રાઉન્ડ ધ કલોક બજાવશે. રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા તમામ નાગરીકોને અપીલ કરી જિલ્લામાં આપની આસ પાસે આવી કોઈ ગેર કાયદેસર પ્રવૃતિ કે દારૂની પાર્ટી ધ્યાને આવે તો રાજકોટ ગ્રામ્ય પોલીસ કંટ્રોલ રૂમ ના ટેલીફોન ને ૦૨૮૧-૨૪૭૭૩૩૪ તથા ૭૪૩૩૯ ૧૧૧૦૦ પર જાણ કરવા અપીલ કરવામાં આવે છે.

# રીંગ રોડ પર નવી બની રહેલી એકવા બ્લુ બિલ્ડીંગના ૧૧માં માળેથી નીચે પટકાતા યુવાનનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ૧૫૦ ફુટ રીંગ રોડ પર એકવા બ્લુ નામની બિલ્ડીંગના ૧૧મા માળેથી નીચે પટકાતા મુળ કાલાવડ અને હાલ રાજકોટના નાનામવા રોડ પર આંબેકડરનગરમાં રહેતા શ્રમિકનું મોત નિપજ્યું છે.

આ અંગેની માહિતી મુજબ નાનામવા રોડ પર આંબેકડરનગરમાં રહેતા શૈલેષ ગોવિદભાઈ ચંદ્રપાલ (ઉ.વ.૩૧) નામનો શ્રમજીવી૧૫૦ ફુટ રીંગ રોડ પર એકવા બ્લુ નામની બિલ્ડીંગના ૧૧મા માળે ગત બપોરે બિલ્ડીંગનું રીનોવેશન કામ ચાલતું હોવાથી ત્યાં તે કડીયા કામનું પ્લાસ્ટર કામ કરતો હતો. એવા સમયે અચાનક ૧૧મા માળેથી જમીન પર પટકાતા સ્થળ પર જ દમ તોડી દીધો હતો. મૃતક મૂળ કાલાવડનો હતો અને અહી તેની પત્ની સ્થ રહી મુજુરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. હાલ બનાવથી પરિવારમાં શોકનું મોજુ ફળી વળ્યુ છે.

# જામનગર રોડ પર કનૈયા હોટલ પાસે યુવાનને ચાર શખ્સોએ લમધાર્યો

## સામા કાંઠે અંબિકા સોસાયટીમાં સીસીટીવી કેમેરા અને તેલના ડબ્બા તસ્કરો ઉઠાવી ગયા

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના જામનગર રોડ પર કનૈયા હોટલ પાસે સામુ જોવા બાબતે ચાર શખ્સોએ યુવાનને માર માર્યો હોવાનું અને સામા કાંઠે અંબિકા સોસાયટીમાં તસ્કરો સીસીટીવી કેમેરા અને તેલના ડબ્બા ઉઠાવી જતા ફરિયાદ નોંધાય છે.

આ અંગેની માહિતી મુજબ મોરબી હાઉસ પાસે રહેતો સતાર ઉર્ફે ફેજલ આબિદભાઈ કિયાણી નામના યુવાને પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે પોતે જામનગર રોડ પર કનૈયા હોટલ પાસે હતો ત્યારે ફરસાણા નગરમાં રહેતો પ્રિયાંશુ ઢાકેચા ધ્રુમિલ ઢાકેચા હિતેશ ઢાકેચા નરેશ ઢાકેચાએ સામું જોવા બાબતે ઝઘડો કરી ધોકા અને પાઇપ પડે હુમલો કરી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા ફરિયાદ નોંધાય છે બનાવનાર પગલે પી.એસ.આઇ જે તેરૈયા એ પ્રાથમિક તપાસ હાથ ધરી છે જ્યારે અન્ય એક બનાવમાં સામા કાંઠે રાજમોતી મીલ ની બાજુમાં અંબિકા સોસાયટી શેરી નંબર ૨ માં રહેતો નિલેશ જયસુખભાઈ મહેતા નામના યુવાને થોરડા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે કોઈ અજાણ્યા શકશો તેના બંધ કારખાનામાં પ્રવેશ કરી ત્રણ સીસીટીવી કેમેરા અને તેલનો ડબ્બો સહિત ₹૮,૦૦૦ ની મતદાનની ચોરી કરી જતા ફરિયાદ નોંધાય છે.

# આઈસીઆઈસીઆઈ બેન્કના કર્મચારીની ઓળખ આપી જસદણના યુવાન સાથે રૂપિયા એક લાખની ઠગાઈ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેર અને જિલ્લામાં ઓનલાઈન ફરિયાદ ભૂતકાળમાં અનેક નોંધાય છે ડિજિટલ યુગમાં અનેક લોકો ઓનલાઈન ફ્રોડ નો શિકાર બની રહ્યા હોય તેવા કિસ્સા નું પ્રમાણ વધ્યું છે ત્યારે જસદણના યુવાનને શભશભશ બેંકના કર્મચારીની ઓળખ આપી શકશે ઓનલાઈન રૂપિયા એક લાખ ની સગાઈ કરતા ફરિયાદ નોંધાય છે. આ અંગેની માહિતી મુજબ જસદણ તાલુકાના જુના ગારીયા ગામે રહેતો હિતેન્દ્ર કુમાર અરજણભાઈ રાઠોડ નામના યુવાને જસદણ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે અજાણ્યા મોબાઈલ નંબર ના ધારકે તેને ફોન કરી પોતે શભશભશ બેંકના કર્મચારી હોવાની ઓળખ આપી વિશ્વાસવા લઈ ક્રેડિટ કાર્ડ બંધ કરાવવા માટે શભશભશ બેંક ની એપ્લિકેશન ડાઉનલોડ કરાવી જ્ઞાંિ મેળવી શકશે ખાતામાંથી ₹૧૦,૭૦૦૦ ની ઓનલાઇન ખરીદી કરી છેતરપિંડી કરી અને ફરિયાદ નોંધાવતા જસદણ પોલીસ મથકના પીઆઇ ટીબી જાણીએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે

# પીએચડીમાં બેઠક ફાળવણીમાં અન્યાય તેમજ પદવીદાન સમારંભ નહીં યોજાતા CYSSનું હલ્લાબોલ






(તસ્વીરઃ આનંદ જાવિયા)

Ph.D પ્રવેશમાં બેઠક ફાળવણીમાં અન્યાય અને પદવીદાન સમારોહ હજુ સુધી ન થતાં CYSS દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું. દર વર્ષે ડ્વ.ઉ પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવતી હોય છે, જેમાં આ વર્ષે ઘણી ગંભીર ભૂલો થયેલ હોય તેવું જાણવા મળે છે. સૌ પ્રથમ તો યુજીસીની માર્ગદર્શિકા અનુસાર અનામત સીટો આપવાપાત્ર હોય તેના કરતાં ઓછી જાહેર કરેલ છે, વધુમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩ મા ડીગ્રી કોર્ષ પૂર્ણ કરનાર આશરે ૩૦૦૦૦ થી વધુ વિધ્યાર્થીઓને ડીગ્રી સર્ટિફિકેટ તેમજ ઘણા વિદ્યાર્થીઓને મેડલ મળવાપાત્ર છે, જે દર વર્ષે પદવીદાન સમારોહમાં આપવામાં આવતા હોય છે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આંતરિક રાજકારણ અને સત્તાધીશોની ઢીલાશને કારણે હજુ સુધી પદવીદાન સમારોહનું કોઇ આયોજન થયેલ નથી. છાત્ર યુવા સંઘર્ષ સમિતિ પ્રદેશ ઉપપ્રમુખ સુરજ બગડા અને શહેર પ્રમુખ પ્રણવ ગઢવી દ્વારા માંગ કરવામાં આવી કે, તાત્કાલિક અસરથી Ph.D ની ખામીવાળી પ્રવેશ પ્રક્રિયા સુધારવામાં આવે અને વર્ષ ૨૦૨૨-૨૩ ના વિધ્યાર્થીઓને પદવીદાન સમારોહ તાત્કાલિક કરીને ડીગ્રી આપવામાં આવે.


## દુઃખદ અવસાન-બેસણું



**સ્વ.પ્રભાબેન રતિલાલ સોલંકી**

સ્વ.તા.૨૮-૧૨-૨૦૨૩

ગુરૂવાર

રાજકોટ ગુર્જર ક્ષત્રિય કડિયા સ્વ. પ્રભાબેન રતિલાલ સોલંકી તે સ્વ. રતિલાલ કાનજીભાઈ સોલંકીના ધર્મપત્ની તે મહીપત, દિવ્યા, અલ્કા, જુલીના માતુશ્રી અને અભી, ગોપી હર્ષકુમાર કડીવારના દાદીનું તા.૨૮-૧૨-૨૩, ગુરુવારના શ્રીજી ચરણ પામેલ છે તેમનું બેસણું તા.૧-૧-૨૦૨૪ને સોમવારે ૪ થી ૬ તેમના નિવાસસ્થાન શ્રદ્ધાનગર-૨, શેરી નં.૫, આહીર ચોક પાસે રાજકોટ ખાતે રાખેલ છે

લી.

સોલંકી પરિવારના જય સ્વામિનારાયણ


MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT